સુવિચાર
કૈક ઈચ્છાઓ અધુરી હોય છે, જિંદગી તોય મધુરી હોય છે. દ્રાક્ષ ખાટી હર વખતે નથી હોતી, જીભ પણ ક્યારેક તુરી હોય છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૪/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ PENDAWALA
નો સુગર
ઓન્લી હની
શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ચૈત્ર સુદ-૧૩ વર્ષ : ૧૬ અંક : ૧૦૧

પથરી પ્રોસ્ટેટ કીડનીના દર્દીઓ માટે
નિ:શુલ્ક નિદાન કેમ્પ
તારીખ : 10-0૪-૨૦૨૫,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
નોંધ: નામ નોંધાવવુ ફરજીયાત છે.
કીડની
પથરી
Prostate Cancer
પ્રોસ્ટેટ
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

## પાલિકાએ રખડતા પશુઓને ડબ્બે પુરવાનો કોન્ટ્રાકટ આપ્યા બાદ

# અમરેલીમાં રખડતા પશુઓની સમસ્યા ઘટવાને બદલે વધી

**છેલ્લા ઘણા મહિનાઓથી પાલિકાએ રખડતા પશુઓને ડબ્બે પુરવાનો કોન્ટ્રાકટ આપેલ છતાં પરિણામ શૂન્ય**

**જનપ્રતિનિધિઓની ઉદાસીનતા અને કર્મચારીઓની નિષ્ક્રીયતાનાં પાપે શહેરીજનો પરેશાન**

**સત્તાપક્ષનાં આગેવાનોની વિકાસની વ્યાખ્યામાં રખડતા પશુઓની સમસ્યા આવતી નથી**

**શહેરીજનોમાં અપાર ધીરજ શકિત હોવાનો પાશવી આનંદ લેતા શાસકો**



અમરેલી, તા.૯

અમરેલી શહેરની દોઢ લાખનીજનસંખ્યાછેલ્લાએકાદદાયકાથી રખડતા પશુઓની વિકરાળ બનેલ સમસ્યાથીતોબાપોકારીગઈહોવાછતાં જનપ્રતિનિધિઓની ઉદાસીનતા અને કર્મચારીઓની નિષ્ક્રીયતાથી સમસ્યાનું કોઈ નિરાકરણ થતું નથી.

અમરેલીમાં રખડતા પશુઓની સમસ્યા દૂર કરવા માટે પાલિકાએખાનગીએજન્સીનેકોન્ટ્રાકટ આપી દીધા બાદ પણ સમસ્યાનું કોઈ નિરાકરણ થતું નથી. શહેરનાં રાજમાર્ગો, રહેણાંક વિસ્તારો સહિત ઠેકઠેકાણે રખડતા પશુઓ આમથી તેમ ભટકીરહાછે.આખલાઓઅવારનવાર યુધ્ધે ચડતાં હોય અવારનવાર અકસ્માતનીઘટનાબનેછે.જેનોનિર્દોષ નાગરિકોભોગબનીરહ્યાછે.

અમરેલીનાં દોઢ લાખ નાગરિકો અનિયમિત પાણી વિતરણ, બંધસ્ટ્રીટલાઈટ, ગંદકીજેવીસમસ્યાનો સામનો ધીરજપૂર્વક કરી રહ્યા હોવાનો ગેરલાભ પાલિકાનાં શાસકો મેળવીને શહેરની દોઢ લાખ જનસંખ્યાને રખડતા પશુઓની સમસ્યા વચ્ચે ધકેલીને તેનો રૂઆબ બતાવી રહ્યા છે.


અમરેલીનાંધારાસભ્યઅને સાંસદેઆમામલેપાલિકાનાંઈન્ચાર્જચીફ ઓફિસર સહિતનાં શાસકોને જરૂરી સુચના આપવી જોઈએ તેવી માંગ શહેરીજનોકરીરહ્યાછે.

હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ
ભારતીય જનતા પાર્ટી દ્વારા શ્રી ચેતનભાઈ ધાનાણી ની અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ તરીકે તેમજ અમરેલી શહેર પ્રમુખ પદે શ્રી વિજયભાઈ ચોટલીયા ની નિયુકત કરતાં આપ બન્ને ને ખુબ ખુબ અભિનંદન સહ આપના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોનું સંગઠન વધુ મજબુત બને તેવી શુભકામનાઓ....
શ્રી ચેતનભાઈ ધાનાણી
: પ્રમુખ :
અમરેલી તાલુકા ભાજપ
શ્રી વિજયભાઈ ચોટલીયા
: પ્રમુખ :
અમરેલી શહેર ભાજપ
... શુભેચ્છક ...
વનરાજભાઈ કોઠીવાળ
પુર્વ પ્રમુખશ્રી : અમરેલી તાલુકા પંચાયત
સંગેશ્યામ મોટી ડેલી- મુ. નાના માચીયાળા,તા.જિ.અમરેલી

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૬૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૭૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
79,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૯/૦૪/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## 10-April, World Homeopathic Day



વિશ્વ હોમિયોપેથીક દિવસ ૧૦ એપ્રિલ : ડો.સેમ્યુઅલ હેનેમેન હોમિયોપેથીના સ્થાપક ૧૭૫૫-૧૮૪૩ હોમિયોપેથી એ વિશ્વની બીજી સૌથી મોટી તબીબી પદ્ધતિ છે. WHO અનુસાર હોમિયોપેથી વૈકલ્પિક દવાઓમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતી દવાઓ છે. 'વિશ્વભરમાં ૮૦૦ મિલિયનથી વધુ લોકો તેનો ઉપયોગ કરે છે.' ભારતમાં લગભગ ૨૫% લોકો હોમિયોપેથિક દવાઓનો ઉપયોગ કરે છે. યુરોપમાં લગભગ ૩૦% લોકો તેમની હેલ્થકેર માટે હોમિયોપેથિક દવાઓનો ઉપયોગ કરી રહ્યા છે. હોમિયોપેથી વિશ્વની સૌથી ઝડપથી વિકસતી તબીબી વ્યવસ્થા છે. છેલ્લા ૧૦ વર્ષમાં અંદાજિત વૃદ્ધિ ૭.૫% હોમિયોપેથીને સૌથી સલામત દવા તરીકે ઓળખવામાં આવી અને કોઇ આડઅસર નથી હોમિયોપેથી ૮૨ થી વધુ દેશોમાં સારી રીતે પ્રેક્ટિસ કરવામાં આવે છે અને ૬૦ દેશો અલ્ટરનેટીવ મેડીસીન તરીકે ઉપયોગ કરે છે. હોમિયોપેથીની હંમેશા ચમત્કારિક ઈલાજ દર્શાવતું અદ્દભુત વિજ્ઞાન તરીકે વખાણ કરવામાં આવે છે.

**આજે, ૧૦મી એપ્રિલ, હોમિયોપેથીના સ્થાપક, માસ્ટર સેમ્યુઅલ હેનેમેનની જન્મજયંતિ નિમિતે દર વર્ષે રેડ લેટર ડે ઉજવવામાં આવે છે. આ તે દિવસ છે.જ્યારે સમગ્ર વિશ્વ હોમિયોપેથીની પ્રસંશા કરે છે.** KAPS3 હોમિયોપેથી આપ સૌને વિશ્વ હોમિયોપેથી દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે.!

KAPS3 HOMEOPATHY
Associated with Dr Borisagar
શ્રીયા સ્પાઈન એન્ડ પેઈન મેનેજમેન્ટ સેન્ટર
Homeopathy at way of Treatment

# અમરેલી ખાતે વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી





દર વર્ષે તારીખ ૭ એપ્રિલ જન રોજ વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષની વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણીની થીમ "Healthy. beginnings. Hopeful. Futures" વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા રાખવામાં આવી છે. વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી અમરેલી જિલ્લાનાં જુદા જુદા આરોગ્ય કેન્દ્રો ખાતે કરવામાં આવી હતી. જેનો મુખ્ય હેતુ માતૃ–બાળ કલ્યાણ સેવાઓ ખુબ સારી રીતે લોકો સુધી પહોચે અને તમામ સગર્ભા માતાએ અને બાળકો ખુબજ તંદુરસ્ત રહે તેને અનુલક્ષીને આ થીમ રાખવામાં આવી છે. એક સગર્ભા માતા તેની સગર્ભાવસ્થા દરમિયાન પુરતી કાળજી લે તો બાળક પણ તંદુરસ્ત જન્મે અને તેનાથી તંદુરસ્ત સમાજનું નિર્માણ થાય તેવા પ્રયત્નો બધાએ સાથે મળીને કરવા જોઈયે અને ખાસ કરીને આ માટે સામાજીક કાર્યકરો, જન પ્રતિનિધિઓ, આરોગ્ય તંત્ર વગેરે નું યોગદાન ખુબજ જરૂરી છે જેથી આપણે તંદુરસ્ત સમાજ, તંદુરસ્ત જિલ્લો, તંદુરસ્ત રાજય અને તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ કરી શકીએ. તો આરોગ્ય દિવસની થીમ આધારીત ઉજવણી અને લોકો પોતાના સંપુર્ણ આરોગ્ય પ્રત્યે સભાનતા કેળવે અને યોગ્ય જાણકારી મેળવે તેવુ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની યાદી જણાવે છે.

### પરિષદની સલાહકાર સમિતિનો નિર્ણય

## સૌરાષ્ટ્ર વિકાસ પરિષદનાં મંત્રી તરીકે મોટાભાઈ સંવટને જવાબદારી સોંપાઈ

### ઉપપ્રમુખ તરીકે જયદીપસિંહ ડોડીયાની વરણી



અમરેલી, તા. ૯

સૌરાષ્ટ્ર વિકાસ પરિષદ સૌરાષ્ટ્રનાં પ્રદેશ માળખાને જાહેર કરતા પરિષદની સલાહકાર સમિતિનાં અગ્રણી યશવંતભાઈ જનાણીએ જણાવ્યું હતું કે, પરિષદના પ્રમુખ તરીકે જાહેર થયેલા અગ્રણી વેપારી નલીનભાઈ ઝવેરીનાં નેતૃત્વમાં મહામંત્રી તરીકે સંજયભાઈ લાઠીયા અને મુખ્ય સંયોજક તરીકે મયંક વ્યાસ કામ કરશે.

આ માળખામાં સીનીયર ઉપપ્રમુખ તરીકે સેવા આપતા શિવસેનાનાં અગ્રણી જીમ્મી અડવાણી રહેશે. તેની સાથે પરિષદના ઉપપ્રમુખો તરીકે સૌ. યુની. નાં અંગ્રેજી ભાષા ભવનના પ્રાધ્યાપક જયદીપસિંહ ડોડીયા, અમરેલીના મુક સમાજસેવક દિલસાદ શેખ અને પ્રમુખના સહકાર્યકર રાજકોટના બી કે શાહ કામ કરશે.

જયારે મંત્રીઓ તરીકે જેતપુરના સામાજિક અગ્રણી ગુણવંતભાઈ ઘોરડા અને અમરેલીના બાલભવનનાં ટ્રસ્ટી મોટાભાઈ સંવટ રહેશે. આ સાથે સૌરાષ્ટ્ર વિવિધ જીલ્લા પ્રતિનિધિઓને સમાવી ૫૧ સભ્યોની કારોબારી પણ જાહેર કરવામાં આવી છે.

સલાહકાર સમિતિના ચેરમેન તરીકે પૂર્વમંત્રી અને ધારાસભ્ય જયંતીભાઈ કાલરીયા, અમરેલીના પૂર્વ કેબીનેટ મંત્રી દિલીપભાઈ સંઘાણી તથા સામાજિક અગ્રણી સુધીરભાઈ જોષી અને સમાજ સેવા સંગઠન યશવંત જનાણી કામ કરશે.

પરિષદાનું પ્રમુખના અધ્યક્ષ સ્થાને એક કોર ગ્રુપની રચના કરવામાં આવેલ છે જેમાં સલાહકાર સમિતિના તમામ સદસ્યો તથા મહામંત્રી અને મુખ્ય સંયોજક રહેશે તેમ નિર્ણય કરવામાં આવે છે.

## ચલાલામાં શ્રી નામદેવજી મહારાજની જન્મ જયંતી ઉજવાઈ




ચલાલા, તા. ૯

ચૈત્ર સુદ અગિયારસના રોજ, ચલાલા ગામ એટલે સંતોની ભૂમિ જેમાં અંશાવતાર પૂજય દાનમહારાજ બિરાજમાન છે તે ચલાલા ગામમાં સમસ્ત દરજી સમાજ દ્વારા સાઈ મંદિરના સાનિધ્યમાં દરજી સમાજના આરાધ્ય દેવ ભકત ભુષણ નામદેવજી મહારાજની જન્મ જયંતી પૂજા અર્ચનાથી ઉજવવામાં આવી. તેમાં મહિલા મંડળ દ્વારા સત્સંગ પણ કરવામાં આવ્યો હતો અને જ્ઞાતિ ભોજન પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ ચલાલા સમસ્ત દરજીનાં સહયોગથી કરવામાં આવ્યો હતો. ત્યારે સમાજે પણ તન મન અને ધનથી સહકાર આપ્યો હતો.

### ગ્રામ્યલક્ષ્મી બચત અને ધિરાણ મંડળીએ કેસ કરેલ

## લીલીયા કોર્ટ ચેક રીટર્ન કેસમાં આરોપીને ૨ વર્ષની સજાનો આદેશ કરાયો

### એડવોકેટ કિશોર પાઠકની દલીલો સફળ રહી



લીલીયા મોટા, તા. ૯

લીલીયા મોટા ગ્રામ્યલક્ષ્મી બચત અને ધિરાણ સહકારી મંડળ લી. માંથી ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર (૧) અજયભાઈ સુરેશભાઈ ડાભી રહે. લીલીયાનો ચેક રૂા. ૨,૦૮,૦૧૦/– નો ધીરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન થતા લીલીયા ગ્રામ્યલક્ષ્મી બચત અને ધિરાણ સહકારી મંડળીના રીકવરી ઓફિસર અમીતભાઈ વસંતભાઈ જોષીએ આ બાકીદાર સામે મંડળીના લીગલ એડવાઈઝર એડવોકેટ કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમા ફોજદારી ફરીયાદ કેસ નં ૩૯/૨૦૨૫નો દાખલ કરેલ છે. અને કેસ ચાલી જતા અદાલત દ્વારા ધારાશાસ્ત્રીની દલીલો ગ્રાહયહય રાખી અજયભાઈ સુરેશભાઈ ડાભી રહે. ને બે વર્ષની સજા કરવામાં આવેલ અને ચેકની રકમ ૨,૦૮,૦૧૦/– તથા તે પરનુ વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. તેમજ તેટલી જ રકમનો દંડ નામદાર કોર્ટમા ભરવો અને દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સજા ભોગવા લીલીયાના પ્રિન્સીપાલ સિવલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ હુકમ કરેલ છે. આમ આ હુકમ થતા મંડળીના બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. આરોપી હાલ ફરાર હોઈ અદાલત મારફત એસ.પી. અમરેલીને સજા વોરન્ટ મોકલી સત્વરે ધરપકડ કરી જેલહવાલે કરવા હુકમ કરવામાં આવેલ છે.

### પાલિકાનાં વિપક્ષી નેતાએ ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો

## અમરેલીની ઓમ ઈન્ડસ્ટ્રીઝની ભુગર્ભ ગટર જામ થતાં રજુઆત



અમરેલી, તા. ૯

અમરેલી પાલિકાનાં વિપક્ષીનેતાં સેજલબેન સોલંકીએ ચીફ ઓફીસરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી શહેરના કુકાવાવ રોડ પર આવેલ ઓમ ઈન્ડસ્ટ્રીઝમાં ભુગર્ભ ગટર આવેલ છે જે ગટર પાલિકા દ્વારા બનાવવામાં આવેલ છે. આ ગટર બાબતનો વેરો પણ વસુલવામાં આવે છે. પરંતુ છેલ્લા ઘણા દિવસોથી આ ભુગર્ભ ગટર જામ થઈ ગઈ હોય અને ગટરમાંથી ગંદકીનું પાણી બહાર નીકળી વિસ્તારમાં ફેલાતું હોય, રોડ ઉપર ફેલાઈ રહ્યુ છે. આ ગટરમાં રાજકીય આગેવાનના ઈશારે જે તે સમયે જેશીંગપરા સોસાયટીનાં લોકોના કહેવાતી ગટરોના પાઈપમાં ડુચા મારી બંધ કરવામાં આવેલ હોય જેથી કરીને ઈન્ડસ્ટ્રીઝનું પાણી આગળ જઈ શકતું ન હોય અને ચારે બાજુ ફેલાવો થતો રહેલ છે. આગળ આવેલ સોસાયટીનાં લોકો દ્વારા રાજકીય આગેવાનનાં કહેવાથી આ પાલિકા હસ્તકની ગટરમાં ડુચા મારીને પાલિકાની મિલ્કતને નુકશાન કરવામાં આવી રહ્યું છે. લોકોને ગંદકી ફેલાવી સ્વાસ્થ્યને હાની પહોંચાડવાનું કામ કરી રહ્યા છે.

આ ભુગર્ભ ગટરમાં આગળ આવેલ સોસાયટીમાં ડુચા મારી બંધ કરવામાં આવેલ છે તે ડુચા તાત્કાલિક ખોલાવીને ગટરનું પાણી આગળ જતુ થાય તેવી વ્યવસ્થા તાત્કાલિક કરાવશો. અન્યથા આ મુદે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેમ અંતમાં જણાવેલ છે.

## ચિતલ અને જશવંતગઢ ખાતે રામનવમીની આસ્થાભેર ઉજવણી



તસ્વીર : ભરત અમરેલીયા–ચિતલ

અમરેલી, તા. ૯

જશવંતગઢના રામજી મંદિરે ભગવાન શ્રી રામજન્મોત્સવ અંતર્ગત મહા આરતીનો કાર્યક્રમ યોજાયો હતો જેમા ચિતલ–જશવંતગના તમામ હીંદુ સમાજ સાથે દલીતોએ પણ સામાજિક સમરસતાના ભાગરૂપે આરતીમા જોડાઈ ને ઉમદા ઉદાહરણ પુરૂ પાડેલ હતુ તેમજ ચિતલ– જશવંતગઢના તમામે એક બનીને પ્રભુશ્રી રામલલાની શોભાયાત્રામા બહોળી સંખ્યામાં જોડાયા હતા અને હીંદુત્વનો માહોલ છવાયો હતો.

### રાજયનાં ગૃહ અને વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીનાં હસ્તે

## લીલીયા મોટા ખાતે આવતીકાલે એસ.ટી. બસ સ્ટેન્ડનું થશે ભુમિપૂજન

### સાસંદ સુતરીયા, ધારાસભ્ય કસવાલા ઉપસ્થિત રહેશે





લીલીયા, તા.૯

લીલીયા મોટા સ્ટેશન રોડ પર સર્કિટ હાઉસ સામે વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અથાક પ્રયત્નોથી આવનાર તારીખ ૧૧/૪/૨૫ના રોજ સવારના ૯:૩૦ કલાકે ગુજરાત સરકારના મંત્રી હર્ષભાઈ સંઘવી, વિસ્તારના સાંસદ ભરતભાઈ સુતરીયાના વરદહસ્તે એસ.ટી. બસ સ્ટેન્ડનું ખાતમુર્હુત કાર્યક્રમ યોજવામાં આવશે આ બસ સ્ટેન્ડનું કામ અંદાજે ૩.૩૪ કરોડ રૂપિયાનું થવા જઈ રહ્યું છે. આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની રહેશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, જિલ્લા પંચાયત સદસ્ય રમીલાબેન ધોરાજીયા, વિપુલભાઈ દુધાત, લીલીયા સરપંચ જીવનભાઈ વોરા દ્વારા તાલુકાની જનતાને આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવેલ છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# સાવરકુંડલામાં ઓમકાર કેળવણી ટ્રસ્ટ દ્વારા ૧૦૦૦ પક્ષીઓ માટે માટીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ






ઉનાળાની અંગદઝાડતી ગરમીમાં પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા કરવી એ એક ઉમદા સેવાકીય પ્રવૃત્તિ ગણાય. આ બાબતને ધ્યાનમાં રાખીને, સાવરકુંડલાના ઓમકાર કેળવણી ટ્રસ્ટ સંચાલિત મૂળરાજ ધરમશી નેણશી વિદ્યાલય દ્વારા છેલ્લા ચાર વર્ષથી પક્ષીઓ માટે માટીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે, સંસ્થા દ્વારા ૧૦૦૦ થી વધુ માટીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કુંડા પક્ષીઓને પીવા માટે પાણી પૂરું પાડશે અને તેમને ગરમીથી રાહત આપશે. સંસ્થાના આ સેવા કાર્યને શહેરના નાગરિકો તરફથી ભારે સમર્થન મળ્યું છે. લોકોએ આ પહેલની પ્રશંસા કરી હદયથી આવકારી હતી. હવે વાત કરીએ ઓમકાર કેળવણી ટ્રસ્ટની તો આ ટ્રસ્ટ છેલ્લા ઘણા વર્ષથી વિનામૂલ્યે બાળકોને સ્કૂલ બેગ, બુટ, મોજાં, સ્ટેશનરી, પુસ્તકો, ગરમ કપડાં અને અન્ય સેવા નિયમિત રીતે કરવામાં આવે છે જેથી આવનારા વર્ષોમાં શિક્ષિત સમાજના પાયાનું ઘડતર કરવામાંઆવે છે. આ કાર્યક્રમના મુખ્ય આયોજકો દિનેશભાઈ દાવડા અને પ્રો.કે.કે. જાની સાહેબ છે. જેમણે આ કાર્યને સફળ બનાવવા માટે સંપૂર્ણ આર્થિક સહયોગ આપ્યો હતો. જો તમે પણ તમારા આસપાસના પક્ષીઓ માટે માટીના કુંડા મેળવવા માંગતા હો, તો તમે ૯૯૭૯૭૪૧૦૬૧ પર સંપર્ક કરી શકો છો. આ કાર્યક્રમ એ વાતનો પુરાવો છે કે સાવરકુંડલાના લોકો પક્ષીઓ અને પર્યાવરણ પ્રત્યે કેટલા સંવેદનશીલ છે. આ સેવા કાર્ય દ્વારા, સંસ્થાએ પક્ષીઓને મદદ કરવા માટેનું એક ઉમદા અને પ્રેરણાદાયી કાર્ય ગણાય.

# સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારનું ''સક્રીય સદસ્ય સંમેલન'' યોજાયુ






''રાષ્ટ્રવાદ આપણી પ્રેરણા, સુશાસન અને વિકાસ દ્વારા અંત્યોદય આપણું લક્ષ્ય, લક્ષ્ય અંત્યોદય, પ્રણ અંત્યોદય, પથ અંત્યોદય, ભાજપના કાર્યકરોએ માત્ર પાર્ટીનું બળ નથી, પરંતુ પાર્ટીનું હૃદય અને આત્મા છે. ભારતીય જનતા પાર્ટીના ૪૬માં સ્થાપના દિવસના ઉપલક્ષમાં ૯૭–સાવરકુંડલા લીલીયા વિધાનસભા પરિવારનું ''સક્રિય સદસ્ય સંમેલન'' યોજાયું, જેમાં મુખ્ય વકતા તરીકે પ્રદેશ ભાજપના મંત્રી તેમજ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય જનતા પાર્ટીની સ્થાપનાથી લઈને આજ દિવસ સુધી અસંખ્ય ઘડવૈયાઓનો સિંહ ફાળો અને બલિદાન રહ્યું છે જે ક્ષણો તાજી કરી. ભારતીય જનતા પાર્ટીના સુદ્રઢ સંકલ્પો આજે દરેક કાર્યકર્તાઓનું મનોબળ છે અને આ સંકલ્પો થકી સંગઠન વધુ મજબૂત બને, રાષ્ટ્રહિતના કાર્યો કરી વિકાસની ગતિમાં હરણફાળો વધારો થાય તેવા સંકલ્પ સાથે આગળ વધીએ. આ તકે અમરેલી જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા આ કાર્યક્રમના જિલ્લાના સહઈન્ચાર્જ કેતનભાઈ ઢાકેચા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડયા, માર્કેટિંગ યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણી, જીલ્લા આ.જા મોરચાના પ્રમુખ કેશુભાઈ વાઘેલા તેમજ જિલ્લા પંચાયતના સૌ સદસ્યઓ, તાલુકા પંચાયતના તમામ સદસ્યઓ, નગરપાલિકાના સૌ સદસ્યઓ સહિત સંગઠનના સૌ પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં સાથી સક્રિય કાર્યકર્તાઓ સહભાગી થયા હતા સાથે સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ત્રણેય મંડળના નવનિયુકત સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ અનિરૂદ્ધસિંહ રાઠોડ, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયા, લીલીયા ભાજપ પ્રમુખ જીગ્નેશભાઈ સાવજનો અભિવાદન સમારોહ યોજાયો હતો. તેવુ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### છકડો રીક્ષા પલ્ટી જતાં વાહન વ્યવહાર ખોરવાતા

## સાવરકુંડલાનાં મહુવા રોડ પરથી તાત્કાલિક રીક્ષા દૂર કરી ટ્રાફિક પુનઃ શરૂ કરાવ્યો

### ટાઉન પોલીસની સરાહનીય કામગીરી




સાવરકુંડલા, તા.૯

આજે મહુવા રોડ પર એક છકડો રીક્ષા અચાનક પલ્ટી મારી જતાં રોડ સંપૂર્ણપણે બ્લોક થઈ ગયો હતો. જેના કારણે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ સાવરકુંડલા ટાઉન પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લઈને ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ ટીમના સક્રિય પ્રયાસોથી પલ્ટી ગયેલી રીક્ષાને રોડ પરથી સલામત રીતે ખસેડવામાં આવી હતી. પોલીસની આ તાત્કાલિક કામગીરીના પરિણામે મહુવા રોડ પરનો બ્લોક થયેલો ટ્રાફિક ગણતરીના સમયમાં જ ફરીથી શરૂ થઈ ગયો હતો. જેના કારણે કારણે મુસાફરો અને વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી ન હતી. સાવરકુંડલા ટાઉન પોલીસની આ સરાહનીય કામગીરી બદલ સ્થાનિક લોકોએ પોલીસ ટીમની પ્રશંસા કરી હતી. પોલીસે હંમેશા નાગરિકોની સુરક્ષા અને સુવિધા માટે તત્પર રહેવાની પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી છે. જે આ ઘટનામાં પણ જોવા મળ્યું હતું. એમ સોહીલ શેખ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

### જિલ્લા કલેકટરની સુચના બાદ પણ કોઈ કાર્યવાહી થતી નથી

## રાજુલાનાં ચાંચબંદર ગામે થયેલ ખાનગી જમીન ઉપરનું દબાણ દૂર કરવામાં સ્થાનિક તંત્રનાં ઠાગાઠૈયા

### અરજદાર મગનભાઈ શિયાળ રજુઆત કરી કરીને થાકયા

અમરેલી, તા. ૯

રાજુલાનાંચાંચબંદરગામનાં અરજદારની ખાનગી માલિકીની જમીનમાં થયેલ દબાણ દુર કરવા અંગે ૨૮ માર્ચ૨૦૨૩નાંરોજજિલ્લાકલેકટર ધ્વારા સુચના અપાયા બાદ બબ્બે વર્ષ થયા સ્થાનિક મહેસુલી વિભાગ ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

આ અંગે અરજદાર મગનભાઈ શિયાળે ''અમરેલી એકસપ્રેસ'' સમક્ષ વ્યથા ઠાલવતા જણાવ્યું કે, જિલ્લા કલેકટર ધ્વારા ૨૮ માર્ચ ૨૦૨૩નાં રાજુલા મામલતદારને દબાણ દુર કરવાની કાર્યવાહી કરવા સુચના આપેલ. ત્યારબાદ ચીટનીશ–ટુ–કલેકટર ધ્વારા પુનઃ ૩૦ ડિસેમ્બર ૨૦૨૪નાં નાયબ કલેકટરને સુચના આપવામાં આવી છતાં હજુ સુધી સોમજીભાઈ ચૌહાણે કરેલ દબાણ દુર કરવામાં આવેલ નથી. આમ, જિલ્લા કલેકટરની લેખિત સુચના બાદ પણ રાજુલાનાંમહેસુલીવિભાગધ્વારાસુચના મુજબ કાર્યવાહી થતી ન હોય અરજદારમાંપણઆશ્ચર્યફેલાઈરહ્યુંછે.

### ખેડૂતોએ પાણી પૂરવઠા મંત્રીને રજુઆત કરી

## રાજુલા, જાફરાબાદ અને ધારેશ્વર સહિતનાં ગામોનો પાણીનો પ્રશ્ન દુર કરો

### પૂર્વ ધારાસભ્ય અંબરિશ ડેર પણ જોડાયા


તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૯

રાજુલા જાફરાબાદ બંને નગરપાલિકાના શહેરીજનોના પીવાના પાણી અને ધારેર સહિત ૧૩ ગામોના ખેડૂતોના સિંચાઈના પ્રશ્નોને લઈને ઘણા સમયથી ઘર્ષણ તેમજ આંદોલન થઈ રહ્યા છે ત્યારે વચ્ચેનો રસ્તો કાઢવા માટે ખેડૂતોનું ડેલિગેશન પૂર્વ ધારાસભ્ય તથા મેરીટાઈ બોર્ડના અધ્યક્ષ અંબરીશભાઈ ડેરને મળવા માટે ગાંધીનગર ખાતે પહોંચ્યું હતું. ૧૩ ગામોના ખેડૂતોની માંગ હતી કે ધાતરવડી ડેમના ભૂતકાળમાં પડી ગયેલા ફયુજ ગેટ ફરીવાર ફિટ કરવામાં આવે અથવા એટલી જ ઊંચાઈની આર.સી.સી. દીવાલ વધારવામાં આવે. આ બાબતે પૂર્વ ધારાસભ્ય દ્વારા અગાઉ પણ ૨૦૧૭ થી ૨૦૨૨ દરમ્યાન આ બાબતે વિધાનસભા લેખિત અને મૌખિક રજૂઆત કરેલ હોય તે સંદર્ભે ગાંધીનગર ખાતે અંબરીશભાઈ ડેર સાથે ધારેરના ખેડૂતો દ્વારા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાને મળીને રજૂઆત કરી હતી. આ બાબતે મંત્રીએ પણ તાત્કાલિક અસરથી સ્થળ તપાસ કરવા જવાબદાર અધિકારીઓને સૂચના આપી અને આગામી નજીકના સમયમાં રૂબરૂ ધારેર ડેમની મુલાકાત કરવા સહમતિ દર્શાવી.

## એક સુંદર ગુજરાતી ફિલ્મ ''મીઠડાં મહેમાન''

અમરેલી, તા. ૯

બિગ બોક્ષ સિરીઝ એક, ઈટીસી સ્ટુડિયોઝ અને વી.એમ.એસ. પ્રોડકશનનું સહિયારૂ સર્જન એટલે ચિન્મય પરમાર દિગ્દર્શિત ગુજરાતી ફિલ્મ ''મીઠડાં મહેમાન'' આ ફિલ્મમાં આદિત્ય નામનો યુવાન એનું જીવન પુરૂ કરવા જઈ રહ્યો છે ત્યારે એના જીવનમાં ત્રણ અજાણ્યા લોકો આવે છે અને આ ચારેય જણ એક નવી સફર શરૂ કરે છે. આ સફરમાં બનતા બનાવો હસાવે છે, રડાવે છે અને જીવન જીવવાનો મર્મ સમજાવે છે. એક ગંભીર વાતને હળવી શૈલીમાં રજુ કરતી ફિલ્મનાં સંવાદો પણ ચિન્મય પરમારે લખ્યા છે.

યશ સોની, મિત્ર ગઢવી, આરોહી પટેલ અને મિહિર રાજડા જેવા ગમતીલા કલાકારો આ ફિલ્મમાં અભિનય કરી રહ્યા છે. રાહુલ મુંજારિયાના સંગીતમાં આદિત્ય ગઢવી અને જીગરદાન ગઢવી (જીગરા)નો સ્વર મળ્યો છે. ગુજરાતી ફિલ્મોમાં એક દાયકાથી કશુંક નવું આપવા માટે જાણીતા સર્જક કૃષ્ણદેવ યાજ્ઞિક પણ આ ફિલ્મ સાથે જોડાયેલા છે. ટૂંકમાં ગુજરાતી ફિલ્મ ''મીઠડાં મહેમાન'' મનોરંજન સાથે જીવન જીવવાની રીત બતાવી રહ્યા છે.

## અમરેલીની માતુશ્રી મોંઘીબા મહિલા કોલેજ ખાતે કેન્સર અવેરનેસ કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૯

અમરેલીજિલ્લાવિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે તા. ૪/૪/૨૫ને ગુરૂવારના રોજ શાંતાબા હરિભાઈ ગજેરા મેડીકલ કોલેજ દ્વારા 'કેન્સર અવેરનેસ' પર એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મેડીકલ કોલેજમાંથી ૧૨ વિદ્યાર્થીઓનું ગ્રુપ આવ્યું હતું. તેઓએ પી.પી.ટી. દ્વારા વિદ્યાર્થીઓને કેન્સર કઈ રીતે થાય છે? અને તેના નિવારણ માટે કઈ કઈ કાળજી રાખવી જોઈએ. તેની વિસ્તૃત અને ઝીણવટભરી માહિતી આપીને વિદ્યાર્થીનીઓએ જાગૃત કર્યા હતા. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. વેલિયત સાહેબ તથા સ્ટાફમિત્રોએ સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદૌસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ફ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫













### તમારા સચિવને કહો, અહીં આવીને સ્પષ્ટતા આપે : સુપ્રીમ

# કેન્દ્ર સરકારે કેશલેશ સારવાર યોજનામાં બેદરકારી દાખવતા સુપ્રીમ કોર્ટ ખફા

**બેંચે કહ્યું કે, 'આ તમારો પોતાનો કાયદો છે : કેશલેશ સારવારની કોઈ સુવિધા ન હોવાથી, લોકો અકસ્માતોમાં જીવ ગુમાવી રહ્યા છે**

નવી દિલ્હી, તા.૯

સુપ્રીમ કોર્ટે મોટર અકસ્માત પીડિતો માટે કેશલેસ સારવાર યોજના બનાવવામાં વિલંબ બદલ કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી છે. આ ઉપરાંત કોર્ટે માર્ગ પરિવહન મંત્રાલયના સચિવને આ મામલે સ્પષ્ટતા માટે સમન્સ પાઠવવામાં આવ્યું છે. ન્યાયાધીશ અભય એસ.ઓકા અને ઉજ્જ્વલ ભુઈયાની બેન્ચે વાંધો વ્યક્ત છે કે, ૮ જાન્યુઆરીએ આદેશ અપાયો છતાં કેન્દ્ર સરકાર દ્વારા આ સંદર્ભમાં કોઈ પાલન કરાયું નથી. બેન્ચે કહ્યું કે, 'કેન્દ્ર સરકારને આપવામાં આવેલો સમય ગયા મહિને ૧૫ માર્ચે સમાપ્ત થઈ ગયો છે. કેન્દ્ર સરકારે કોર્ટના આદેશની ગંભીર અવગણા કરી છે, સાથે જ ખૂબ જ ફાયદાકારક કાયદાના અમલીકરણમાં પણ બેદરકારી દાખવી છે. કોર્ટે કહ્યું કે, 'અમે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના સચિવને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાજર થવા તેમજ અમે આપેલા આદેશનું પાલન કેમ કરવાનું આવ્યું નથી, તે જણાવવા આદેશ આપીએ છીએ. સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર વતી આવેલા એડિશનલ સોલિસિટર જનરલ વિક્રમજીત બેનરજીએ કહ્યું કે, તેઓ અવરોધોનો સામનો કરી રહ્યા છે.

દલીલ પર નારાજગી વ્યક્ત કરતા બેંચે કહ્યું કે, 'આ તમારો પોતાનો કાયદો છે. કેશલેશ સારવારની કોઈ સુવિધા ન હોવાથી, લોકો અકસ્માતોમાં જીવ ગુમાવી રહ્યા છે. આ સામાન્ય લોકોના ફાયદા માટેની સુવિધા છે. અમે તમને (સચિવ) નોટિસ મોકલી રહ્યા છીએ. અમે અવમાનના હેઠળ કાર્યવાહી કરીશું. તમે તમારા સચિવને કહો કે, તેઓ અહીં આવીને સ્પષ્ટતા આપે.'

સુપ્રીમ કોર્ટે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના સચિવને સ્પષ્ટ જવાબ આપવા માટે હાજર થવાનો આદેશ આપ્યો છે. આગામી સુનાવણી ૨૮ એપ્રિલે હાથ ધરાશે. આ પહેલા કોર્ટે ૮ જાન્યુઆરીએ હાથ ધરેલી સુનાવણીમાં કેન્દ્ર સરકારને આદેશ આપ્યો હતો કે, તેઓ કાયદા હેઠળના સૌથી મહત્વપૂર્ણ સમય એટલે કે ગોલ્ડન અવર દરમિયાન મોટર અકસ્માત પીડિતોને કેશલેસ તબીબી સારવાર પૂરી પાડવાની યોજના પર કામ કરવું જોઈએ.

સુપ્રીમ કોર્ટે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની કલમ ૧૬૨(૨)નો ઉલ્લેખ કર્યો હતો અને અકસ્માતનો શિકાર બનેલા લોકોની વહેલીતકે સારવાર થઈ શકે તેમજ અનેક લોકોના જીવ બચી શકે તે માટે કેન્દ્ર સરકારને ૧૪ માર્ચ સુધીમાં યોજના પૂરી પાડવાનો આદેશ આપ્યો હતો. મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની કલમ ૧૬૨(૨)માં ઉલ્લેખીત સૌથી મહત્ત્વનો સમય એટલે કે પ્રથમ કલાકને Golden Hour કહેવામાં આવે છે. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલ વ્યક્તિ માટે એક કલાકનો સમયગાળો ખૂબ જ મહત્ત્વનો છે. જો ઈજાગ્રસ્તને સમયસર સારવાર મળી જાય તો મોતની સંભાવના ટાળી શકાય છે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના ડેટા મુજબ ૨૦૨૪માં કુલ ૧.૮૦ લાખ લોકોએ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવ્યા છે. જેમાં ૩૦૦૦૦ લોકોના મોત હેલમેટ ન પહેરવાના કારણે થયા છે. ઉલ્લેખનીય છે, આ મૃતકોમાં ૬૬ ટકા લોકો ૧૮થી ૩૪ વર્ષનો યુવા વર્ગ હતો. કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીના જણાવ્યા મુજબ, શાળાઓ અને કોલેજોમાં યોગ્ય રીતે એક્ઝિટ અને એન્ટ્રી પોઈન્ટની વ્યવસ્થા ન હોવાથી ૨૦૨૪માં આશરે ૧૦ હજાર બાળકોએ જીવ ગુમાવ્યા છે. શાળાઓની ઓટો રિક્ષા અને મીની બસ માટે નિયમો હોવા છતાં તેના અનુપાલનના અભાવે બાળકો પણ દુર્ઘટનાઓનો ભોગ બની રહ્યા છે. અમે તમામ ખામીઓને ધ્યાનમાં લઈ તેને ઘટાડવા પ્રયાસ કરીશું. માર્ગ અકસ્માતની ઘટનાઓ ઘટાડવા માટે સૌએ એકજૂટ થઈ પ્રયાસ કરવો પડશે.

### ગુજરાતના ખેડૂતો માટે રાહતના સમાચાર

# સિંચાઈ માટે એક મહિનો વહેલું પાણી મળશે, ૧૩ લાખ ધરતીપુત્રોને મળશે લાભ

**જરૂરિયાત મુજબ સિંચાઈનું પાણી એક મહિનો વહેલું એટલે કે ૧૫ મે, ૨૦૨૫થી આપવાનો નિર્ણય કર્યો**

નર્મદા,તા.૯

નર્મદા કમાન્ડ વિસ્તારના ખેડૂતો આગોતરું આયોજન કરીને પાકનું વાવેતર અને ઉત્પાદન વધારી શકે તે માટે મુખ્યમંત્રીએ આ વર્ષે આ વિસ્તારમાં જરૂરિયાત મુજબ સિંચાઈનું પાણી એક મહિનો વહેલું એટલે કે ૧૫ મે, ૨૦૨૫થી આપવાનો નિર્ણય કર્યો છે. સામાન્ય રીતે સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તારમાં ખરીફ સિઝન માટે ૧૫ જૂન પછી પાણી છોડવામાં આવતું હોય છે. ખેડૂતોને જો સિંચાઈ માટે વહેલું પાણી આપવામાં આવે તો તેઓ વધુ ઉત્પાદન મેળવીને આર્થિક રીતે વધુ સક્ષમ બની શકે. કિસાન હિતકારી નિર્ણયને પગલે ખેડૂતો ખાસ કરીને કપાસ જેવા પાકોનું આગોતરું આયોજન ખેડૂતો કરી શકશે. એટલું જ નગી, ઉત્પાદન વધારા માટે આગોતરી વાવણી પણ કરી શકશે.

આ ખેડૂત હિતકારી નિર્ણયથી સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તારના આશરે ૧૩ લાખ ધરતીપુત્રોને સિંચાઈ સુવિધાનો સીધો લાભ મળશે. પાક વહેલો થવાથી તેમને બજારમાં સારી ઉત્પાદન કિંમત મળશે તેમજ વધુ ઉત્પાદન થતા ખેડૂતોની આવકમાં પણ વૃદ્ધિ થશે.

### ગેસના બાટલાના પોસ્ટરો સાથે કલેક્ટર કચેરીએ સૂત્રોચ્ચાર

# રાજકોટમાં ગેસના ભાવવધારાને પગલે આમ આદમી પાર્ટીનો વિરોધ

**કેન્દ્ર સરકાર દ્વારા ભાવ વધારો પરત ખેંચવામાં આવે અથવા તો સબસિડી આપવામાં આવે તેવી માગ કરી હતી**

રાજકોટ,તા.૯

ગેસના ભાવવધારા સામે આમ આદમી પાર્ટીએ વિરોધ નોંધાવ્યો છે. જેમાં રાજકોટમાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ગેસના બાટલાના પોસ્ટરો સાથે કલેકટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને ભાજપ સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર પોકાર્યા હતા. જ્યાં ગેસનો ભાવ વધારો પરત ખેંચવાના બેનરોમાં ભાજપનાં કમળના નિશાનને ઉલટું બતાવવામાં આવ્યુ હતું. કેન્દ્ર સરકાર દ્વારા ભાવ વધારો પરત ખેંચવામાં આવે અથવા તો સબસિડી આપવામાં આવે તેવી માગ કરી હતી. આ સાથે દેશભરમાં રસ્તા રોકો આંદોલનની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી.

આમ આદમી પાર્ટીના રાજકોટ શહેર પ્રમુખ દિનેશ જોશીએ જણાવ્યું હતું કે, રાજકોટ કલેકટર કચેરીમાં મોંઘવારી વિરુદ્ધ અમે પ્રદર્શન કરવા માટે આવ્યા છીએ. કેન્દ્ર સરકારના પુરવઠા અને પેટ્રોલિયમ વિભાગ દ્વારા ગેસના બાટલાના ભાવમાં રૂ. ૫૦નો વધારો કરવામાં આવેલો છે, જેનો અમે વિરોધ કરી રહ્યા છીએ. ભય, ભ્રષ્ટાચાર અને મોંઘવારીની આ સરકાર પાસે બીજી અપેક્ષા આપણે શું રાખી શકીએ. આંતરરાષ્ટ્રીય ભાવ વધારો થયો નથી, પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા ગેસના બાટલાના ભાવમાં વધારો કરી દેવામાં આવ્યો છે.ગૃહિણીઓને બે છેડા ભેગા કરવા મુશ્કેલ પડી રહ્યા છે, જેથી સરકાર ભાવ વધારો પરત ખેંચે અથવા તો સબસીડી આપે. જો આ માગણીઓ સંતોષવામાં નહીં આવે તો આમ આદમી પાર્ટી દ્વારા રસ્તા રોકો અને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. ગેસના બાટલાના ભાવમાં વધારો થતા બહેનોને લાકડાથી રસોઈ કરવી કે શું તેવો સવાલ ઉપસ્થિત થયો છે. ગુજરાત રાજ્યમાં ગેસના બાટલાનો ભાવ વધારે છે. કારણ કે, અહીં લોકોએ ભાજપને મત આપેલા છે, જ્યારે અન્ય રાજ્યોમાં આ જ ભાજપ સરકાર રૂ. ૫૦૦માં ગેસનો બાટલો આપવાની વાતો કરે છે.જ્યારે આમ આદમી પાર્ટીની મહિલા કાર્યકર્તા રાજલ બારોટે જણાવ્યું હતુ કે, કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા ગેસના બાટલાના ભાવમાં રૂપિયા ૫૦નો વધારો કરવામાં આવ્યો છે. આટલું જ નહીં જીવન જરૂરી તમામ ચીજ-વસ્તુઓના ભાવ પણ વધ્યા છે. લોકો વિરોધ પ્રદર્શન કરે એટલે નજીવો ભાવ ઘટાડો કરવામાં આવે, પરંતુ લોકો પર ભાવવધારાનો બોજ કાયમનો છે. આજે તકલીફ એ છે કે, ભાઈઓની સાથે બહેનોને પણ કમાવવા માટે જવું પડે છે. રામનવમીએ રામના નામ સાથે ભાજપની મહિલાઓ રસ્તા પર નિકળી હતી, ત્યારે ગૃહિણીઓની સમસ્યા સમયે ભાજપનાં મહિલા નેતાઓ કેમ બહાર નથી આવતા? તેવો સવાલ પણ કર્યો હતો.

### મુખ્યમંત્રી મમતા બેનરજીની મોટી જાહેરાત

# પ.બંગાળમાં વક્ફ (સુધારા) બિલ લાગુ નહીં થાય : મમતા

**વક્ફ બિલ કાયદો પશ્ચિમ બંગાળમાં લાગુ કરવામાં નહીં આવે : હું લઘુમતી લોકો અને તેમની સંપત્તિનું રક્ષણ કરીશ**

કોલકાતા, તા.૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આજે મોટું એલાન કર્યું છે. તેમણે કહ્યું કે, કેન્દ્રનો વક્ફ બિલ કાયદો પશ્ચિમ બંગાળમાં લાગુ કરવામાં નહીં આવે. હું લઘુમતી લોકો અને તેમની સંપત્તિનું રક્ષણ કરીશ.

કોલકાતામાં જૈન સમુદાયના એક કાર્યક્રમમાં મમતા બેનરજીએ કહ્યું કે, મને ખબર છે કે તમે વક્ફ કાયદાના અમલીકરણથી દુઃખી છો. પરંતુ વિશ્વાસ રાખો બંગાળમાં એવું કંઈ નહીં થાય જેનાથી કોઈ ભાગલા પાડીને શાસન કરી શકે. બાંગ્લાદેશની પરિસ્થિતિ જુઓ. વક્ફ સુધારા બિલ હમણાં પાસ નહોતું કરવાનું. પશ્ચિમ બંગાળમાં વક્ફ (સુધારા) બિલ લાગુ નહીં થાય.

વક્ફ સુધારા બિલ ગત ગુરુવારે લોકસભામાં અને શુક્રવારે રાજ્યસભામાં પાસ થયું હતું. શનિવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બિલને પોતાની સંમતિ આપી હતી તેથી હવે તે કાયદો બની ગયો છે. કાયદાની તરફેણમાં સરકારે દલીલ એ છે કે તેનાથી જમીન સંબંધિત વિવાદોમાં ઘટાડો થશે. વક્ફ બોર્ડનું કામ કાર્યક્ષમ, પારદર્શક અને જવાબદાર રહેશે.

બીજી તરફ બંગાળના મુર્શિદાબાદમાં વક્ફ સુધારા કાયદાના વિરોધ દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. ભાજપે મુખ્યમંત્રી મમતા બેનરજી પર આકરા પ્રહારો કર્યા અને કહ્યું કે સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ગઈ છે. તમને જણાવી દઈએ કે, મુર્શિદાબાદ જિલ્લાના જંગીપુર વિસ્તારમાં વક્ફ સુધારા કાયદા વિરુદ્ધ હિંસા ભડકી ઉઠી છે.

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો. તેમાં તેમણે દાવો કર્યો હતો કે, કેટલાક અસામાજિક તત્વો જાહેર સંપત્તિને સળગાવી રહ્યા છે. તેઓ પોલીસ વાહનોને ફૂંકી રહ્યા છે. વિરોધના નામે અરાજકતા ફેલાવવામાં આવી રહી છે. સુવેન્દુ અધિકારીએ બંગાળ સરકાર પર વોટ બેંકની રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે આ વિસ્તારમાં કેન્દ્રીય દળો તહેનાત કરવાની માંગ ઉઠાવી અને રાજ્યના મુખ્ય સચિવ અને કેન્દ્રીય ગૃહ મંત્રાલયને હસ્તક્ષેપ કરવા અપીલ કરી છે.

ભાજપના નેતા અમિત માલવિયાએ મુર્શિદાબાદ જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશને પણ પોસ્ટ કર્યો છે. આદેશ હેઠળ અહીં મ્હ્રજીજીની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધિત આદેશો લાદવામાં આવ્યા હતા. જાહેર સ્થળો પર પાંચ કે તેથી વધુ લોકોના ભેગા થવા પર પ્રતિબંધ રહેશે. આદેશ પ્રમાણે પ્રતિબંધક આદેશ ૪૮ કલાક સુધી અમલમાં રહેશે. આ દરમિયાન જંગીરપુર વિસ્તારમાં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

### રાહુલ ગાંધીએ અનમાતને લઇને કરી મોટી વાત

# ૫૦ ટકા અનામતની દિવાલ તોડી દઇશું: રાહુલ ગાંધી

**લોકો મારા વિશે શું વિચારે છે તેનાથી મને ફરક પડતો નથી**

અમદાવાદ, તા.૯

અમદાવાદમાં આયોજિત કોંગ્રેસ અધિવેશનમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પોતાની પાર્ટીના ઈતિહાસ વિશે જણાવ્યું. તેમણે કહ્યું કે '૧૦૦ વર્ષ પહેલાં મહાત્મા ગાંધી કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ બન્યા હતા અને ૧૫૦ વર્ષ પહેલાં સરદાર પટેલજીનો જન્મ થયો હતો. આ બંને કોંગ્રેસ પાર્ટીનો પાયો છે. હું પછાત લોકો માટે કામ રહ્યો છું.'

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે 'તેલંગાણામાં જાતિ ગણતરી કરવા માટે અમે એક ક્રાંતિકારી પગલું ભર્યું છે.

અમારે જાણવું હતું કે આ દેશમાં કોની કેટલી ભાગીદારી છે. મેં સંસદમાં પીએમ મોદીને કહ્યું હતું કે તમે જાતિ ગણતરી કરાવો. દેશને ખબર હોવી જોઈએ કે કેટલા દલિત છે, કેટલા પછાત છે, ગરીબ જનરલ વર્ગના લોકો કેટલા છે.' પીએમ મોદી અને આર.એસ.એસ.એસએ સ્પષ્ટ કરી દીધું કે અમે જાતિ આધારિત વસતી ગણતરી કરાવવા માંગતા નથી. અમે સંતાડવા માંગીએ છીએ. મેં કહ્યું કે, તમે છુપાવવું હોય એટલું છુપાવો.

અમે અહીંથી જાતિ આધારિત વસતી ગણતરી પાસ કરીશું. હું ફરીથી કહી રહ્યો છું કે ૫૦ ટકા અનામતની જે દિવાલ છે તેને અમે તોડી દઈશું. અમે જે તેલંગાણામાં કર્યું તે દિલ્હીમાં અને આખા ભારતમાં કરવા જઈ રહ્યા છીએ.

મેં ઈન્દિરા ગાંધીજીને સવાલ પૂછ્યો હતો કે, તમે દુનિયામાં ન રહેવા પર લોકોએ તમારા વિશે શું બોલવું અને વિચારવું જોઈએ. તો તેમણે કહ્યું હતું કે, રાહુલ, હું માત્ર પોતાનું કામ કરું છું. મારા ન રહેવા પર લોકો મારા વિશે શું વિચારે છે તેની મને કોઈ ચિંતા નથી. મારું ફોકસ માત્ર પોતાના કામ પર છે. મારા ન રહેવા પર દુનિયા જો મને ભૂલ પણ જાય તો મને મંજૂર છે, કારણ કે મેં પોતાનું કામ બરાબર રીતે કર્યું છે. એ મારું પણ માનવું છે કે લોકો શું વિચારે છે, તેનાથી મને ફરક પડતો નથી.

### પ્રવાસ બાદ એક પગમાં સખત દુખાવો શરૂ થયો હતો

# ગુજરાતમાં ગુલીયન બાર સિન્ડ્રોમ વાયરસે વિદ્યાર્થીનો જીવ લીધો

**સમયસર સારવાર કરવામાં ન આવે તો દર્દીના જીવ સામે જોખમ ઉભુ થાય છે**

અમદાવાદ,તા.૯

ગુલીયન બાર સિન્ડ્રોમ વાયરસે વિદ્યાર્થીનો જીવ લીધો છે. બહુચરજીના વિદ્યાર્થીને ગુલીયનબાર સિન્ડ્રોમ વાયરસ ડિટેકટ થયો હતો. બહુચરાજીમાં હરગોવનપુરા વિસ્તારમાં રહેતો ૧૭ વર્ષીય દિવાકર અવધેસ ઝા નામનો વિધાર્થી ય્મ્જી વાયરસનો યુવકને પરિવાર સાથે કાઠિયાવાડના પ્રવાસ બાદ એક પગમાં સખત દુખાવો શરૂ થયો હતો, અને તપાસ બાદ તેને ગુલીયન બાર સિન્ડ્રોમ વાયરસ ડિટેક્ટ થયો હતો.

૧૭ વર્ષીય યુવકના મોતથી પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે. આ ઘટનાબાદ બહુચરાજી આરોગ્ય વિભાગ રહી રહીને એક્શનમાં આવ્યું છે, આરોગ્ય વિભાગ દ્વારા હવે સર્વેની કામગીરી હાથ ધરાશે.જીબીએસ બિમારી વાયરસના કારણે થતી ઑટોઈમ્યૂન ડિસઓર્ડરની બિમારી છે. જેમાં આખા શરીરના સ્નાયુઓ નબળા પડી જાય છે. સ્વચ્છતા નહીં રાખતા કે સતત ઝાડા-ઊલટી થતી હોય તેવા સંજોગોમાં થઈ શકે છે. આ રોગમાં દર્દીને ચાલવામાં તકલીફ, શ્વાસ લેવામાં તકલીફ થાય છે. આ ઉપરાંત શરીરની રોગપ્રતિકારક શક્તિ તંદુરસ્ત ચેતા પર હુમલો કરે છે, જેથી લકવાની અસર પણ થઈ શકે છે. જો, સમયસર સારવાર કરવામાં ન આવે તો દર્દીના જીવ સામે જોખમ ઉભુ થાય છે.

### વડોદરા મનપાના કમિશનરની થઈ બદલી

# રાજ્ય સરકારે ૧૬ આઈએએસ અધિકારીની બદલીના આદેશ કર્યા

ગાંધીનગર, તા.૯

રાજ્યના વહીવટી વિભાગમાં મોટા ફેરફાર થયા છે. રાજ્ય સરકારે ૧૬ આઈએએસ અધિકારીની બદલીના આદેશ આપ્યા છે. રાજ્ય સરકારના જાહેર વહીવટ વિભાગ દ્વારા આ આદેશ કરાયો છે. રાજ્ય સરકારની અખબારી યાદી પ્રમાણે વડોદરાના મ્યુનિસિપલ કમિશનરની બદલી કરવામાં આવી છે.

- વડોદરાના મ્યુનિસિપલ કમિશનર દિલીપ કુમાર રાણાની બદલી કરવામાં આવી છે. દિલીપ કુમાર રાણાને હાયર એજ્યુકેશનના કમિશનર તરીકે મુકવામાં આવ્યા છે.
- ડૉ. એન.કે.મીનાની ભાવનગર મહાનગર પાલિકાના કમિશનર તરીકે બદલી કરવામાં આવી છે.
- તુષારકુમાર ભટ્ટની પાટણના જિલ્લા કલેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે.
- મનીષ કુમારની ભાવનગરના કલેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે.
- અરૂણ મહેશ બાબૂની વડોદરા કોર્પોરેશનના કમિશનર તરીકે નિમણૂંક કરવામાં આવી છે.
- આર.આર ડામોરની ક્લાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટમાં સંયુક્ત સચિવ તરીકે નિમણૂંક કરવામાં આવી છે.
- અરવિંદ વીની ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે.
- નેહા કુમારીની મહીસાગરના કલેક્ટર તરીકે બદલી કરી મિશન ડાયરેક્ટર, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશનમાં નિમણૂંક કરવામાં આવી છે.
- અર્પિત સાગર, નાયબ મ્યુનિસિપલ કમિશનર વડોદરાની બદલી મહીસાગરના કલેક્ટર તરીકે કરવામાં આવી છે.
- શાલિની દુહનની ડાંગ-આહવાના કલેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે.
- ભાવ્યા વર્માની વલસાડના કલેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે.
- મનીષ ગુરવાનીને રાજકોટ કોર્પોરેશનના ડેપ્યુટી કમિશનર બનાવવામાં આવ્યા છે.
- ગૌરવ દિનેશ રમેશની સુરત મહાનગર પાલિકાના નાયબ કમિશનર તરીકે નિમણૂંક કરવામાં આવી છે.
- સુરભી ગૌતમને વડોદરા મહાનગર પાલિકાના કમિશનર બનાવવામાં આવ્યા છે.
- ડૉ. પ્રશાંત જિલોવાની નિમણૂંક અમદાવાદ કોર્પોરેશનના રિઝનલ કમિશનર તરીકે કરવામાં આવી છે.

# પંજાબ કિંગ્સના સ્ટારને BCCIએ ફટકાર્યો મોટો દંડ

નવી દિલ્હી, તા.૯

પંજાબ કિંગ્સના ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલને મોટો દંડ ફટકારવામાં આવ્યો છે. ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની મેચ દરમિયાન આઈપીએલ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ દોષી સાબિત થતાં BCCIએ મેક્સવેલ સામે કાર્યવાહી કરી હતી. ગ્લેન મેક્સવેલ પર મેચ ફીના ૨૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે અને IPL આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ ડિમેરિટ પોઈન્ટ પણ આપવામાં આવ્યો છે. ૩૬ વર્ષીય મેક્સવેલે કલમ ૨.૨ હેઠળ લેવલ ૧નો ગુનો કબૂલ કર્યો છે, જે ન્યૂ પીસીએ સ્ટેડિયમમાં રમાયેલી મેચ દરમિયાન ફિક્સર અને ફિટિંગના દુરુપયોગ સાથે સંબંધિત છે.

BCCIએ એક ઈમેલમાં જણાવ્યું હતું કે, "પંજાબ કિંગ્સના ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલને મંગળવારે ન્યૂ પીસીએ સ્ટેડિયમ, ન્યૂ ચંદીગઢમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની તેની ટીમની મેચ દરમિયાન આઈપીએલ આચાર સંહિતાનો ભંગ કરવા બદલ તેની મેચ ફીના ૨૫ ટકા દંડ અને એક ડીમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો છે." ગ્લેન મેક્સવેલે કલમ ૨.૨ (મેચ દરમિયાન ફિક્સર અને ફિટિંગનો દુરુપયોગ) હેઠળ લેવલ ૧નો ગુનો સ્વીકાર્યો અને મેચ રેફરીની મંજૂરી સ્વીકારી. આચાર સંહિતાના લેવલ ૧ ભંગ માટે, મેચ રેફરીનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા છે.

મેક્સવેલ બેટ અને બોલ બંને સાથે ફોર્મ માટે સંઘર્ષ કરી રહ્યો છે. આ મેચમાં તે એક રન પર આઉટ થયો હતો, બીજા બોલ પર તેણે CSKના સ્પિનર રવિચંદ્રન અશ્વિનને રિટર્ન કેચ આપીને પેવેલિયન પરત ફર્યો હતો. મેક્સવેલનો બેટ સાથે સારો દિવસ ન હોવા છતાં, તેણે બોલ વડે રચિન રવિન્દ્રની મહત્વની વિકેટ લઈ પંજાબ કિંગ્સને ૨૧૯ રનના લક્ષ્યને બચાવવામાં મદદ કરી. પંજાબ કિંગ્સે હાઈ-સ્કોરિંગ મેચ ૧૮ રને જીતી હતી અને અત્યાર સુધી ચાર મેચમાં ત્રણ જીત અને એક હાર સાથે પોઈન્ટ ટેબલ પર ચોથા સ્થાને છે.

### BJP કાર્યકરોમાં ખળભળાટ મચી ગયો

# ભાજપ નેતાએ દારૂ પીને મચાવ્યો હોબાળો, પાર્ટીએ લઈ લીધું રાજીનામું

**તાલાલા ભાજપ પ્રમુખે બાળકો સાથે દુર્વ્યવહાર કર્યો, પરંતુ રઈસ રુચિતભાઈએ તેમને દુર્વ્યવહાર કરતા અટકાવ્યા**

તાલાલા,તા.૯

તાલાલા શહેરના વીરપુર રોડ પર આવેલી સોમનાથ સોસાયટીમાં નાના બાળકો રમી રહ્યા હતા. ત્યાંથી પસાર થતી વખતે તાલાલા ભાજપ પ્રમુખે બાળકો સાથે દુર્વ્યવહાર કર્યો, પરંતુ રઈસ રુચિતભાઈએ તેમને દુર્વ્યવહાર કરતા અટકાવ્યા.

દારૂ પીધા પછી રમખાણો કરવાના આરોપસર પોલીસે તાલાલા શહેર ભાજપ પ્રમુખ સુનીલ રમણ ગંગદેવની ધરપકડ કરી હતી અને જેલમાં મોકલી દીધા હતા. આ ઘટનાથી BJP કાર્યકરોમાં ખળભળાટ મચી ગયો છે. હવે આ ભાજપ નેતાએ રાજીનામું આપી દીધું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, તાલાલા શહેરના વીરપુર રોડ પર આવેલી સોમનાથ સોસાયટીમાં નાના બાળકો રમી રહ્યા હતા. ત્યાંથી પસાર થતી વખતે તાલાલા ભાજપ પ્રમુખે બાળકો સાથે દુર્વ્યવહાર કર્યો, પરંતુ રઈસ રુચિતભાઈએ તેમને દુર્વ્યવહાર કરતા અટકાવ્યા. ગુસ્સે ભરાયેલા પ્રમુખે રુચિત પર બેટથી હુમલો કર્યો અને તેને બચાવવા આવેલી એક મહિલા સહિત ત્રણ લોકો પર હુમલો કર્યો. રુચિત અને તેની કાકી રશ્મિતાબેન ઘાયલ થયા હતા અને તેમને સારવાર માટે તાલાલા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.આ ઘટના અંગે રુચિતની ફરિયાદ પર પોલીસે ભાજપ પ્રમુખ સુનીલ ગંગદેવ વિરુદ્ધ BNS કેસ નોંધ્યો છે. પોલીસે IPCની કલમ ૧૧૫(૨) અને ૩૫૨,૩૫૧(૩) અને ૧૩૫ હેઠળ કેસ નોંધીને તેમની ધરપકડ કરી છે. આ દરમિયાન, ભાજપ પ્રમુખ દારૂ પીધા પછી લથડતા જોવા મળ્યા. નશામાં ધૂત થઈને હુમલો કરવાના આરોપસર તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે, નશામાં ધૂત થઈને ભાજપ પ્રમુખ પર હુમલો પ્રતિબંધની કલમ ૬૬(૧)B ૮૫-૧-૩ હેઠળ બીજો ગુનો નોંધવામાં આવ્યો હતો.

# અમરેલીની જ્ઞાનશકિત શાળામાં CET યોજનાની સંપૂર્ણ માહિતી અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યુ







અમરેલી તારીખ ૯/૪/૨૦૨૫ને બુધવારના રોજ શ્રીમતી એસ. એચ. ગજેરા વિદ્યાસભા સંચાલિત જ્ઞાનશકિત સ્કુલમાં ''CET યોજનાને અંગે સંપૂર્ણ માહિતી મળે તે હેતુ વાલી મિટિંગ''નું આયોજન જ્ઞાનશકિત રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એકસેલન્સ વિભાગ દ્વારા ખૂબજ રસપૂર્વક કરવામાં આવ્યું હતું. આ કાર્યકમની રૂપરેખામાં મુખ્યત્વે CET યોજનાને અનુરૂપ જે પણ કઈ વાલીઓને મુંજવતા પ્રશ્નો હતા તેનું હકારાત્મકરૂપથી સમજાવવામાં આવ્યું. આ યોજનાનો મૂળ હેતુ, ફાયદાઓ, પ્રવેશ અંગેની માહિતી કયા આધાર પુરાવાની જરૂર, એડમિશન પ્રોસેસ, શિક્ષણ પ્રવૃતિ, સહ અભ્યાસિક પ્રવૃતિ, નિઃશુલ્ક શિક્ષણ પધ્ધતિ, વગેરે CETને લગતી સંપૂર્ણ માહિતી નાયબ DPO તેમજ CET નોડેલ ઓફિસર સોલંકી TPO, શરદભાઈ તેમજ BRC ગજેરા દ્વારા વ્યવસ્થિત રસપૂર્ણક માહિતી પ્રદાન કરવામાં આવી હતી. આ કાર્યકમમાં ૨૦૦ જેટલાં વાલીઓ ઉપસ્થિત રહયા હતા. જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કુલ ઓફ એકિસલન્સ પ્રોજેકટ અંતર્ગત સંપૂર્ણ માહિતી સુવિધાઓ અને અન્ય પ્રવૃતિનું યોગ્ય માર્ગદર્શન અને સલાહ સુચન સંસ્થાના ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા વાલીઓને પ્રદાન કરવામાં આવ્યું હતું. પ્રથમ વખત આવી રીતે CETમાં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓના વાલીઓને માર્ગદર્શન મળતા વાલીઓમાં સરકારી યોજનાનો ખૂબ સારો અસરકારક પ્રતિકાર જોવા મળ્યો હતો.

### RBIએ લોકોને આપી મોટી રાહત

# ભારતીય રિઝર્વ બેન્કે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો

**રેપો રેટ એ દર છે જેના પર RBI બેન્કોને લોન આપે છે, તેના ઘટાડાને કારણે તમારી હોમ લોન, પર્સનલ લોન અને કાર લોનનો હપ્તો ઓછો થઈ જાય છે**

નવી દિલ્હી, તા.૯

ભારતીય રિઝર્વ બેન્કે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે. રેપો રેટમાં સતત બીજી વખત ઘટાડો કરવામાં આવ્યો છે. આ પહેલા ફેબ્રુઆરીમાં પણ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. લગભગ પાંચ વર્ષમાં રેપો રેટમાં આ પ્રથમ ઘટાડો હતો.

આજના ઘટાડા સાથે રેપો રેટ હવે ૬ ટકા થઈ ગયો છે. રેપો રેટ એ દર છે જેના પર RBI બેન્કોને લોન આપે છે. તેના ઘટાડાને કારણે તમારી હોમ લોન, પર્સનલ લોન અને કાર લોનનો હપ્તો ઓછો થઈ જાય છે.

રેપો રેટમાં ઘટાડો કરવાનો નિર્ણય RBIની નાણાકીય નીતિ સમિતિની બેઠકમાં લેવામાં આવ્યો હતો. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ બેઠકમાં લેવાયેલા નિર્ણયો વિશે માહિતી આપી હતી. નવા નાણાકીય વર્ષમાં RBIની MPC ની આ પહેલી બેઠક હતી.

RBI MPC ની ૫૪મી બેઠક અને નવા નાણાકીય વર્ષ FY26ની પ્રથમ બેઠકના પરિણામોની જાહેરાત કરતી વખતે, ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ ગ્લોબલ ઈકોનોમિક ટેન્શન અને ટ્રેડ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે આ પડકારજનક વાતાવરણમાં, કેન્દ્રીય બેન્કે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે અને આ પછી રેપો રેટ ઘટીને ૬ ટકા થઈ ગયો છે. વર્ષ ૨૦૨૫માં આ સતત બીજી વખત છે જ્યારે કેન્દ્રીય બેન્કે મોટી રાહત આપી છે. અગાઉ ફેબ્રુઆરીમાં યોજાયેલી બેઠકમાં રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો, જે પછી તે ઘટીને ૬.૨૫ ટકા થઈ ગયો. આ ઘટાડો પાંચ વર્ષના લાંબા અંતરાલ પછી કરવામાં આવ્યો છે.

ટેરિફ વોર અને બજારમાં મંદીના દબાણ વચ્ચે રિઝર્વ બેન્કે એક મોટો નિર્ણય લીધો છે અને લોકોને મોટી રાહત આપી છે. તાજેતરના ઘટાડા પછી રેપો રેટ હવે ઘટીને ૬ ટકા થઈ ગયો છે. ઘણા રિપોર્ટ્સમાં એવો અંદાજ લગાવવામાં આવી રહ્યો હતો કે પોલિસી રેટમાં ઘટાડો થઈ શકે છે. બેન્ક ઓફ અમેરિકા (BOFA) ગ્લોબલ રિસર્ચે તેના રિપોર્ટમાં આગાહી કરી હતી કે ભારતીય અર્થતંત્રને ધ્યાનમાં લેતા કેન્દ્રીય બેન્ક સતત બીજી વખત રેપો રેટમાં ઘટાડો કરીને મોટી રાહત આપી શકે છે. આમાં રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો અંદાજવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આ પહેલા ફેબ્રુઆરીમાં યોજાયેલી MPC બેઠકમાં રિઝર્વ બેન્કે એક મોટો નિર્ણય લીધો હતો અને પાંચ વર્ષના લાંબા સમયગાળા પછી રેપો રેટ (RBI રેપો રેટ કટ) માં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આ પછી રેપો રેટ ઘટીને ૬.૨૫ ટકા થઈ ગયો હતો. અગાઉ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) એ મે ૨૦૨૦ માં રેપો રેટમાં ઘટાડો કર્યો હતો. જોકે તે પછી તેને ધીમે ધીમે ૬.૫ ટકા સુધી વધારવામાં આવ્યો હતો. છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૩માં રેપો રેટમાં વધારો કરવામાં આવ્યો હતો. રેપો રેટ બેન્ક લોન લેતા ગ્રાહકો સાથે સીધો જોડાયેલો છે. તેના ઘટાડાને કારણે લોનનો EMI ઘટે છે અને તેના વધારાને કારણે તે વધે છે. વાસ્તવમાં રેપો રેટ એ દર છે જેના પર દેશની કેન્દ્રિય બેન્ક ભંડોળની અછતના કિસ્સામાં વાણિજ્યિક બેંકોને નાણાં ઉછીના આપે છે. રેપો રેટનો ઉપયોગ નાણાકીય સત્તાવાળાઓ ફુગાવાને નિયંત્રિત કરવા માટે કરે છે.

### અત્યાર સુધીમાં ૧૨ ખેલાડીએ આ સિદ્ધિ હાંસલ કરી

# T20 માં ૫૦૦૦ રન અને ૨૦૦ વિકેટ ઝડપનારો પ્રથમ ભારતીય બન્યો હાર્દિક

**હાર્દિક પંડ્યાએ RCB સામેની મેચમાં ઈતિહાસ રચ્યો હતો**

મુંબઈ, તા.૯

મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન હાર્દિક પંડ્યા T20 ક્રિકેટમાં ૫૦૦૦ રન અને ૨૦૦ વિકેટ ઝડપનારો પ્રથમ ભારતીય બન્યો છે.

અત્યાર સુધીમાં ૧૨ ખેલાડીઓએ આ સિદ્ધિ હાંસલ કરી ચૂક્યા છે. પંડ્યા આ IPL સિઝનમાં જબરદસ્ત ફોર્મમાં છે. તે બેટ અને બોલ બંનેથી શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે. હાર્દિક પંડ્યાએ સોમવારે RCB સામેની મેચમાં ઈતિહાસ રચી દીધો હતો. આ મેચમાં તેણે ૨ વિકેટ ઝડપી હતી. લિયામ લિવિંગસ્ટોનની વિકેટ T20માં તેની ૨૦૦મી વિકેટ હતી. આમ તે T20 ક્રિકેટમાં ૫૦૦૦ રન અને ૨૦૦ વિકેટ ઝડપનારો પ્રથમ ભારતીય બની ગયો છે. ખાસ વાત એ છે કે આ જ મેચમાં તેના ભાઈ કૃણાલ પંડ્યાએ RCB તરફથી રમતા ૪ વિકેટ ખેરવી હતી. હાર્દિકની વાત કરીએ તો તેણે IPL ૨૦૨૫માં અત્યાર સુધીમાં ૧૦ વિકેટ ઝડપી છે અને લગભગ ૧૬૯ના સ્ટ્રાઈક રેટથી ૮૧ રન પણ બનાવ્યા છે. T20માં પંડ્યા સહિત અત્યાર સુધીમાં ૧૧ ખેલાડીઓએ ઓછામાં ઓછા ૫૦૦૦ રન અને ૨૦૦ વિકેટનો ડબલ ધમાલ મચાવી ચૂક્યા છે. પંડ્યાની આ યાદીમાં નવી એન્ટ્રી છે અને તેના સિવાય બાકીના તમામ ખેલાડીઓ વિદેશી છે. આ લિસ્ટમાં સૌથી વધુ ૬૩૧ વિકેટ સાથે કેરેબિયન ખેલાડી ડ્વેન બ્રાવો ટોપ પર છે. તેણે ૬૯૭૦ રન પણ બનાવ્યા છે.

શાકીબ અલ હસન : આ ડબલ ધમાલ વાળી યાદીમાં બાંગ્લાદેશનો શાકિબ અલ હસન ૪૯૨ વિકેટ અને ૭૪૩૮ રન સાથે બીજા સ્થાન પર છે.

આન્દ્રે રસેલ : વેસ્ટ ઈન્ડિઝના આન્દ્રે રસેલના નામે T20 ક્રિકેટમાં ૪૭૦ વિકેટ અને ૯૦૧૮ રન છે. મોહમ્મદ નબી : અફઘાનિસ્તાનના મોહમ્મદ નબી પણ T20ના ટોપ ઓલરાઉન્ડરોની યાદીમાં છે. તેણે ૬૧૩૫ રન બનાવ્યા છે અને ૩૬૯ વિકેટ લીધી છે.

સમિત પટેલ : આ પ્રતિષ્ઠિત યાદીમાં ઈંગ્લેન્ડનો ઓલરાઉન્ડર સમિત પટેલ પણ સામેલ છે. તેણે T20માં ૬૬૭૩ રન બનાવ્યા છે અને ૩૫૨ વિકેટ પણ ઝડપી છે.

### ૪૬.૪ ડિગ્રી તાપમાનમાં બાડમેર શેકાયું

# ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને દિલ્હીમાં હીટવેવ

**તાપમાનમાં સામાન્ય કરતાં ૭થી ૯ ડિગ્રી ઓચિંતા વધારાના કારણે જનજીવનને માઠી અસર**

નવી દિલ્હી, તા.૯

દેશના મધ્ય અને પશ્ચિમ વિસ્તારમાં કાળઝાળ ગરમીએ કેર વરતાવી દીધો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના ૨૭ મથકો પર તાપમાન ૪૩ ડિગ્રી કે તેથી વધુ નોંધાયુ હતું. જેમાંથી ૧૯ સ્થળ પર હીટ વેવની અસર વધુ જોવા મળી હતી. દેશમાં સૌથી વધુ ગરમી રાજસ્થાનના બાડમેરમાં નોંધાઈ હતી, ૪૬.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે બાડમેર અગનભઠ્ઠીમાં શેકાયુ હતું. દિલ્હીમાં તાપમાન ૪૦.૪થી ૪૧ ડિગ્રી જોવા મળ્યુ હતું. દેશમાં સૌથી વધુ ગરમી રાજસ્થાનના બાડમેરમાં જોવા મળી હતી. સામાન્ય કરતાં ૭.૬ ડિગ્રી વધુ તાપમાન સાથે પારો ૪૬.૪ ડિગ્રી નોંધાયો હતો. જેસલમેરમાં ૪૫ ડિગ્રી, ચિત્તોડગઢમાં ૪૪.૫ ડિગ્રી, બિકાનેરમાં ૪૪.૪ ડિગ્રી અને શ્રી ગંગાનગરમાં ૪૪.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ હતું. આ સ્થળોએ તાપમાન સામાન્ય કરતાં ૭થી ૯ ડિગ્રી વધારે હતું. ગુજરાતમાં સુરેન્દ્રનગરમાં ૪૪.૮ ડિગ્રી, રાજકોટમાં ૪૪ ડિગ્રી, અમરેલીમાં ૪૩.૮ ડિગ્રી, મહુવા અને કંડલામાં ૪૩.૪ ડિગ્રી સેલ્શિયસ તાપમાન નોંધાયુ હતું. મહુવામાં તાપમાન સામાન્ય કરતાં ૮.૩ ડિગ્રી વધારે નોંધાયુ હતું. મહારાષ્ટ્રના અકોલામાં ૪૪.૧ ડિગ્રી, નંદુરબારમાં ૪૩.૫ ડિગ્રી, જલગાંવમાં ૪૩.૩ ડિગ્રી અને અમરાવતીમાં ૪૩ ડિગ્રી તાપમાન જોવા મળ્યુ હતું. મધ્યપ્રદેશના ગુના અને રતલામમાં ૪૩.૪ ડિગ્રી અને ૪૩.૨ ડિગ્રી તાપમાન હતું. હવામાન ખાતાના અનુમાન મુજબ, દેશના ઉત્તર-પશ્ચિમ વિસ્તારોમાં ૧૦ એપ્રિલથી ગરમીમાં રાહત મળશે, જ્યારે ગુજરાત અને મધ્યપ્રદેશમાં ૧૧ એપ્રિલથી ગરમી ઘટી શકે છે. મેદાની વિસ્તારમાં ૪૦ ડિગ્રી કે તેથી વધુ, દરિયાઈ વિસ્તારમાં ૩૦ ડિગ્રી કે તેથી વધુ અને પર્વતીય વિસ્તારોમાં ૩૭ ડિગ્રી કે તેથી વધુ તાપમાન નોંધાય ત્યારે હવામાન વિભાગ દ્વારા હીટ વેવ જાહેર કરવામાં આવે છે. અગાઉ હવામાન વિભાગે એપ્રિલથી જૂન મહિના દરમિયાન દેશભરમાં ગરમી વધારે રહેવાની આગાહી વ્યક્ત કરી હતી. ક્લાઈમેટ ચેન્જના કારણે હિટ વેવના દિવસો વધી રહ્યા હોવાનું વિજ્ઞાનીઓ માની રહ્યા છે.

### કામ ન થતું હોય તો રિટાયરમેન્ટ લઈ લો...

# મલ્લિકાર્જુન ખડગેએ કોંગ્રેસ નેતાઓને આપ્યો ઠપકો

**કોંગ્રેસ અધિવેશનને સંબોધિત કરતાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પક્ષના નેતાઓને કડક ભાષામાં સંદેશ આપ્યો છે**

અમદાવાદ, તા.૯

કોંગ્રેસે આગામી ચૂંટણીઓ માટે અગાઉથી જ તાડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. પહેલાં બિહાર અને હવે ગુજરાતમાં ચૂંટણી માટે પોતાના કાર્યકરો અને નેતાઓમાં જુસ્સો જગાડવા પ્રયાસો કરી રહ્યું છે. ગુજરાતમાં ૬૪ વર્ષ બાદ યોજાયેલા કોંગ્રેસ અધિવેશનને સંબોધિત કરતાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પક્ષના નેતાઓને કડક ભાષામાં સંદેશ આપ્યો છે. તેમણે પક્ષના નેતાઓ અને કાર્યકરોને કામ ન થતું હોય તો રિટાયરમેન્ટ લઈ લેવા કહ્યું છે.

ખડગેએ કહ્યું કે, સંગઠનમાં જિલ્લા કોંગ્રેસ કમિટીના અધ્યક્ષોની ભૂમિકામાં વધારો કરવામાં આવશે. તેમજ તેમની નિમણૂક અખિલ ભારતીય કોંગ્રેસ કમિટી દ્વારા જારી દિશા-નિર્દેશો અનુસાર, કડક અને નિષ્પક્ષતાથી કરવી જોઈએ. જિલ્લા અધ્યક્ષે પોતાની નિમણૂકના એક વર્ષની અંદર સવર્શ્રેષ્ઠ લોકો સાથે જોડાઈ બૂથ સમિતિ, મંડલ સમિતિ, બ્લોક સમિતિ અને જિલ્લા સમિતિ બનાવી છે. જેમાં કોઈ પક્ષપાત કરવામાં આવશે નહીં.

ખડગેએ પક્ષમાં નિષ્ક્રિય ભૂમિકા ભજવતાં લોકોને આકરા શબ્દોમાં કહી દીધું છે કે, જે લોકો પક્ષમાં કામ કરી શકતા નથી. તેમણે આરામ કરવાની જરૂર છે. તેઓ પોતાની જવાબદારી નિભાવી શકતા નથી, તો તેમણે હવે રિટાયરમેન્ટ લઈ લેવું જોઈએ. પક્ષ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલના સિદ્ધાંતોને આધિન કામ કરે છે. આજે આપણે સાબરમતીના તટ પરથી દેશને આગળ વધારવાનો પ્રયાસ શરૂ કરીશું. ખડગેએ સરદાર પટેલની વાતોને યાદ કરાવતાં કહ્યું કે, એકતા વિના સંખ્યા કોઈ કામની નથી. સંખ્યા વાસ્તવિક શક્તિ નથી, એકતા છે. સૂતરના દોરા પણ અલગ-અલગ હોય તો તે ઝડપથી તૂટી જાય છે. પરંતુ જ્યારે તે એકસાથે ભેગા થઈ જાય તો તેને તોડવા અશક્ય છે. તે જાડું કાપડું બને છે. ત્યારે તેની શક્તિ, સુંદરતા અને ઉપયોગિતા અદ્ભૂત બની જાય છે.

કોંગ્રેસ અધ્યક્ષે જણાવ્યું કે, આપણે ફરી ભારતની આઝાદી માટે લડવાનું છે. આ વખતે આઝાદીની લડાઈ અન્યાય, અસમાનતા, ભેદભાવ, ગરીબી અને સાંપ્રદાયિકતા વિરૂદ્ધ છે. તેમાં ફરક માત્ર એટલો જ છે કે, પહેલાં વિદેશી લોકો અન્યાય, ગરીબી અને અસમાનતાને વેગ આપતાં હતાં. આજે આપણી સરકાર જ આ પ્રકારની નીતિઓ અપનાવી રહી છે. આપણે આ લડાઈ જીતવાની છે.

### BJPએ કોંગ્રેસને દલિત વિરોધી ગણાવી

# રાહુલ પોતે સોફા પર બેઠા અને ખડગેને ખુરશી આપી

**ભાજપના નેતા અને આઈટી સેલના વડા અમિત માલવિયાએ એક વીડિયો શેર કર્યો છે**

નવી દિલ્હી, તા. ૯

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને દલિતોના અપમાન અંગે ભાજપે રાહુલ ગાંધી પર પ્રહારો કર્યા છે. ભાજપના નેતા અને આઈટી સેલના વડા અમિત માલવિયાએ એક વીડિયો શેર કર્યો છે.

આ વીડિયોમાં, મલ્લિકાર્જુન ખડગે ખુરશી પર અલગથી બેઠેલા જોવા મળે છે, જ્યારે બીજી બાજુ કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી સોફા પર બેઠા છે. ભાજપે તેને દલિતોનું અપમાન ગણાવ્યું છે.

આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે ભાજપને દલિત વિરોધી કહેવામાં આવ્યું અને એવો આરોપ મૂકવામાં આવ્યો કે જ્યારે વિપક્ષના નેતા ટીકા રામ જુલી રામ મંદિર ગયા, ત્યારે ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્યએ તે મંદિર ધોઈ ધોવડાવ્યુ. રાહુલ ગાંધીએ કોંગ્રેસની આ પોસ્ટ શેર કરી અને લખ્યું કે આ ભાજપની દલિત વિરોધી અને મનુવાદી વિચારસરણીનું બીજું એક ઉદાહરણ!

રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે ભાજપ સતત દલિતોનું અપમાન કરી રહ્યું છે અને બંધારણ પર હુમલો કરી રહ્યું છે. બંધારણનું સન્માન કરવું જ નહીં, પણ તેનું રક્ષણ કરવું પણ મહત્ત્વપૂર્ણ છે. રાહુલ ગાંધીએ લખ્યું કે મોદીજી, દેશ બંધારણ અને તેના આદર્શો દ્વારા ચલાવવામાં આવશે, મનુસ્મૃતિ દ્વારા નહીં જે બહુજનને બીજા વર્ગના નાગરિક માને છે.

રાહુલ ગાંધીની તે પોસ્ટ પર, ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ મલ્લિકાર્જુન ખડગે ખુરશી પર બેઠેલા અને રાહુલ સોનિયા સોફા પર બેઠેલાનો એક વીડિયો શેર કર્યો. અમિત માલવિયાએ લખ્યું કે પહેલા ખડગે જીનું સન્માન કરતા શીખો. તેઓ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ છે. તેમની ખુરશી છેડે રાખવાનો અર્થ શું હતો? આ સ્પષ્ટપણે દર્શાવે છે કે કોંગ્રેસ દલિત વિરોધી છે.

અમિત માલવિયા ઉપરાંત, ભાજપના અન્ય નેતાઓ પણ કોંગ્રેસ પાર્ટી પર પ્રહારો કરી રહ્યા છે. જોકે, આ મામલે કોંગ્રેસ પાર્ટી દ્વારા હજુ સુધી કોઈ નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

### દિલ્હીમાં બધાને બંગલા મળી ગયા

# દિલ્હીમાં મુખ્યમંત્રી રેખા ગુપ્તા હજુ રહેઠાણ શોધે છે

**મુખ્યમંત્રી કયા બંગલામાં રહેશે તે હજુ નક્કી થયું નથી**

નવી દિલ્હી, તા. ૯

દિલ્હી સરકારના મંત્રીઓ માટે બંગલાની શોધ પૂર્ણ થઈ ગઈ છે. વિપક્ષના નેતા આતિશી માર્લેનાનું સરનામું પણ બદલાવાનું છે. તેમને નવો બંગલો પણ મળવાનો છે. જોકે, મુખ્યમંત્રી રેખા ગુપ્તા કયા બંગલામાં રહેશે તે હજુ સુધી નક્કી થયું નથી.

દિલ્હી સરકારના શિક્ષણ મંત્રી આશિષ સૂદ અને આરોગ્ય મંત્રી પંકજ સિંહ માલચા રોડ ચાણક્યપુરી ખાતે રહેશે. પીડબ્લ્યુડી મંત્રી પ્રવેશ વર્મા વિન્ડસર રોડ પરના હાલના બંગલામાં રહેશે. તેમને આ બંગલો સાંસદ તરીકે મળ્યો હતો. તેમણે ૨૦૨૪ માં લોકસભા ચૂંટણી લડી ન હતી, પરંતુ તેઓ નિયમો મુજબ ભાડું ચૂકવીને તે જ બંગલામાં રહેતા હતા. ફરી એકવાર આ બંગલો તેમના નામે ફાળવવામાં આવ્યો છે. કાયદા મંત્રી કપિલ મિશ્રા અને સમાજ કલ્યાણ મંત્રી રવિન્દ્ર ઈન્દ્રરાજને સિવિલ લાઈન્સમાં બંગલા ફાળવવામાં આવ્યા છે. મોહન સિંહ બિષ્ટને આપ સરકારના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયનો બંગલો આપવામાં આવ્યો છે. તે સિવિલ લાઈન્સમાં રાજનિવાસ માર્ગ પર સ્થિત છે.

ભૂતપૂર્વ મુખ્યમંત્રી આતિશીના પદની જેમ, તેમનું સરનામું પણ હવે બદલાઈ ગયું છે. હવે તેમને દરિયાગંજના ૧૧૫ અંસારી રોડ ખાતે સરકારી નિવાસસ્થાન મળ્યું છે. આ બંગલો તેમને વિરોધ પક્ષના નેતા તરીકે ફાળવવામાં આવ્યો છે. મંત્રી તરીકે તેમને મથુરા રોડ પર એક બંગલો આપવામાં આવ્યો હતો. બાદમાં તેમને અરવિંદ કેજરીવાલ જ્યાં રહેતા હતા તે બંગલો પણ ફાળવવામાં આવ્યો. જોકે, તે ત્યાં શિફ્ટ થઈ શક્યા નહીં.

મુખ્યમંત્રી રેખા ગુપ્તા ક્યાં રહેશે તે પ્રશ્ન હજુ પણ યથાવત છે. મળતી માહિતી મુજબ લુટિયન્સ ઝોનમાં ક્યાંક મુખ્યમંત્રીના નિવાસસ્થાનની શોધ કરવામાં આવી રહી છે. રેખા ગુપ્તાએ પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ એ બંગલામાં નહીં રહે જ્યાં અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી તરીકે રહેતા હતા. ભાજપ તેને શીશમહલ કહે છે.

### કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં બોલ્યા ખડગે

# "મોદીજી દેશની સંપત્તિ વેચીને ચાલ્યા જશે" : કોંગ્રેસ

**ખડગેએ લોકસભા સ્પીકરની ભૂમિકા પર સવાલ ઉઠાવતા કહ્યું કે રાહુલ ગાંધીને બોલવા દેવામાં આવ્યા ન હતા**

અમદાવાદ, તા.૯

ગુજરાતના અમદાવાદમાં કોંગ્રેસ પાર્ટીનું ૮૪ મું અધિવેશન ચાલી રહ્યું છે. આ પ્રસંગે દેશભરમાંથી ૧,૭૦૦ થી વધુ કોંગ્રેસના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. સત્રના બીજા દિવસે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેએ કેન્દ્રની મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે સરકારે તાજેતરમાં પૂર્ણ થયેલા સંસદના બજેટ સત્રમાં મનમાનીથી કામ કર્યું. ખડગેએ લોકસભા સ્પીકરની ભૂમિકા પર સવાલ ઉઠાવતા કહ્યું કે રાહુલ ગાંધીને બોલવા દેવામાં આવ્યા ન હતા, જે લોકશાહી માટે ખૂબ જ શરમજનક બાબત છે.

મલ્લિકાર્જૂન ખડગેએ મોદી સરકાર પર જોરદાર નિશાન સાધ્યું. તેમણે કહ્યું, "સંસદ સવારે ૫ વાગ્યા સુધી ચાલુ હતું, પરંતુ સરકાર પાસે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવાનો સમય નહોતો. આ બતાવે છે કે આ લોકો લોકશાહીને કેટલી ગંભીરતાથી લે છે." ખડગેએ કહ્યું કે અમેરિકાએ ભારત પર ૨૬ ટકા ટેરિફ લાદ્યો, પરંતુ સંસદમાં તેની ચર્ચા થવા દેવામાં આવી નહીં. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે દેશની સરકારી સંપત્તિ ધીમે ધીમે ખાનગી કંપનીઓને વેચાઈ રહી છે.

ખડગેએ પોતાની વાત આગળ વધારતા કહ્યું, "જો આ પરિસ્થિતિ ચાલુ રહેશે, તો એક દિવસ એવો આવશે જ્યારે મોદી સરકાર અને મોદીજી પોતે દેશની સંપત્તિ વેચીને ચાલ્યા જશે. હું આ સ્પષ્ટપણે કહી રહ્યો છું." કોંગ્રેસ અધ્યક્ષે વધુમાં કહ્યું, "એરપોર્ટ હોય, ખાણકામ હોય, મીડિયા હાઉસ હોય કે ટેલિકોમ, આ સરકાર તે તેના ઉદ્યોગપતિ મિત્રોને આપી રહી છે. આ આપણી રાષ્ટ્રીય સુરક્ષા માટે પણ ખતરો છે."

તેમણે આગળ કહ્યું, "તેઓ કોંગ્રેસને ગાળો આપવા સિવાય કંઈ કરતા નથી. ચૂંટણી સંસ્થાઓ પણ તેમના નિયંત્રણમાં છે. ચૂંટણીમાં કૌભાંડો થઈ રહ્યા છે. વિશ્વના વિકસિત દેશો ઈવીએમ છોડીને બેલેટ પેપર તરફ આગળ વધી રહ્યા છે. પરંતુ આપણે ઈવીએમ પર ચાલી રહ્યા છીએ. આ બધું છેતરપિંડી છે, હું આ કહીશ. તમે એવી ટેકનોલોજી બનાવી છે જેનો ફાયદો ફક્ત તમને જ થાય છે. જો તમે આવી ટેકનોલોજી બનાવીને વિપક્ષને દબાવવા માંગતા હો, તો કાલે દેશના યુવાનો ઉભા થશે અને કહેશે કે અમને બેલેટ પેપર જોઈએ છે, ઈવીએમ નહીં."

ખડગેએ વધુમાં કહ્યું, "૧૧ વર્ષમાં, વિપક્ષે રાજ્યો સાથે સાવકી માતા જેવું વર્તન કર્યું છે. કેન્દ્ર-રાજ્ય સંબંધો એટલા સારા હતા કે કોઈ પણ આવીને કંઈપણ માંગી શકે છે. મોદીજીની સરકારમાં જે કંઈ સાચું છે, બજેટમાં જે કંઈ પણ જાહેર કરવામાં આવ્યું છે, તે મોદી ક્યારેય આપતા નથી. આપણા મુખ્યમંત્રીઓ નરેગા માટે ભંડોળ માટે ઝંખે છે, પરંતુ મોદી સરકાર તેના પર ધ્યાન આપતી નથી કારણ કે તેમના મિત્રો ધનવાન છે. જે ધનવાનોનો મિત્ર છે તે ગરીબોનો મિત્ર ન હોઈ શકે."

ભાજપ ૧૫૦ બેઠકો પર ચૂંટણી લડે છે, ૧૩૮ બેઠકો જીતે છે. મહારાષ્ટ્રમાં જે છેતરપિંડી થઈ તે લોકશાહીનો નાશ કરવા માટે કરવામાં આવી હતી. અમારા વકીલો અને નેતાઓએ મતદાર યાદીમાં થયેલી ભૂલો પર કામ કર્યું. ચોરી કરનાર ચોર કોઈ ને કોઈ દિવસ પકડાઈ જાય છે. આજે ૧૫ લાખ લોકો વિદેશમાં સ્થાયી થયા છે. રોજગાર માટે વિદેશ ગયેલા યુવાનોને અમેરિકાથી સાંકળોથી બાંધીને ભારત પાછા મોકલવામાં આવી રહ્યા છે. પણ આપણા પીએમ ચૂપ રહે છે. જ્યારે લોકો સાથે અન્યાય થાય છે, ત્યારે પીએમ ચૂપ થઈ જાય છે. શાસક પક્ષ વારંવાર કહેવાનો પ્રયાસ કરી રહ્યો છે કે ભારતનો વિકાસ ૨૦૧૪ પછી થયો છે. ચંદીગઢ પછી, દેશનું સૌથી આધુનિક શહેર, ગાંધીનગર, કોંગ્રેસના સમયમાં બનાવવામાં આવ્યું હતું.

પીએમ મોદી પર કટાક્ષ કરતા ખડગેએ કહ્યું, "તમે ૧૧ વર્ષથી પીએમ છો, ૧૩ વર્ષથી મુખ્યમંત્રી છો, શું તમે અહીં ગરીબી દૂર કરી? એક દલિત વ્યક્તિ, જે તેમના સમયમાં રામનવમી પર મંદિર ગયો હતો, જ્યારે તે બહાર આવ્યો, ત્યારે ત્યાંના લોકો તેને શુદ્ધ કરવા માટે ગંગાજળ લાવ્યા. જે દલિત છે તે પણ હિન્દુ છે."

### AICCના મંચ પર કોંગ્રેસ નેતાની વેદના

# એક દીકરો સપામાં અને બીજો ભાજપમાં અને બાપ કોંગ્રેસનો શહેર પ્રમુખ

**ઉત્તર પ્રદેશના કોંગ્રેસ નેતા આલોક મિશ્રાએ અધિવેશનમાં સંગઠનમાં નિયુક્તિ પર સવાલ ઊભા કર્યા હતા**

અમદાવાદ, તા.૯

ગુજરાતમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું છે. બુધવારે (૯ એપ્રિલ) બીજા દિવસે પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન AICC સભ્યોએ જાહેર મંચ પર પાર્ટીની ખામીઓ પર વાત કરી અને પોતાનો પક્ષ મૂક્યો. ઉત્તર પ્રદેશના કોંગ્રેસ નેતા આલોક મિશ્રાએ સંગઠનમાં નિયુક્તિ પર સવાલ ઊભા કર્યા હતા. તેમણે કહ્યું કે, પાર્ટીએ એક એવો શહેર પ્રમુખ બનાવ્યો, જેનો એક દીકરો સપા છે અને બીજો ભાજપમાં કામ કરે છે. તેઓ મંચ ઉપરથી ગરજી રહ્યા હતાં, ત્યારે પાર્ટી હાઈકમાન્ડે પણ તાળીઓથી તેમની વાતને વધાવી હતી. કોંગ્રેસ નેતા આલોક મિશ્રાએ કહ્યું કે, એક કાર્યકર્તા જે ૧૯૮૨થી કોંગ્રેસમાં છે તે આજે કોંગ્રેસને અપીલ કરે છે, આપણે ભાજપ સાથે પછી લડીએ છીએ, પહેલાં કોંગ્રેસી અંદરોઅંદર લડે છે. એકવાર નક્કી કરી લો કે, કોઈપણ નિર્ણય જે ઉપરથી નક્કી થશે, તેને આપણે સહર્ષ સ્વીકારીશું. ત્યાં સુધી એકબીજા સાથે નહીં લડીએ, જ્યાં સુધી કોંગ્રેસ પાર્ટીને સત્તામાં ન લાવી દઈએ. આપણે પાર્ટીને સત્તામાં લાવીને જ જંપીશું.

આલોક મિશ્રાએ આગળ કહ્યું કે, રાહુલજી અને ખડગેજી, હું તમને કહેવા આવ્યો છું કે, તમારે ભાજપને દૂર કરવી હોય અને કોંગ્રેસની અંદર જે ભાજપના લોકો છે, તેને દૂર કરવા હોય તો હું તમને પૂછવા ઈચ્છું છે કે, જો કોઈ શહેર અધ્યક્ષ છે, જેનો એક દીકરો સપામાં હોય અને બીજો ભાજપમાં... શું તે પ્રમુખ બનવા લાયક છે? જો તે શહેર પ્રમુખ બનવા લાયક છે તો અમે પણ તેનો સ્વીકાર કરીએ છીએ.

વધુમાં મિશ્રાએ કહ્યું કે, કાનપુરમાં આપણે ૪ લાખ ૨૨ હજાર મત હાંસલ કર્યા. આ તક મને મળી, જે ઈતિહાસમાં ઈ.સ ૧૯૪૭થી કોઈને નથી મળી. હું તમને વિનંતી કરવા આવ્યો છું કે, શહેર પ્રમુખોને જે તમે સત્તા આપી છે, તેનો અમે સ્વીકાર કરીએ છીએ. પરંતુ, તેની સાથોસાથ એ નિર્ણય કર લો કે, શહેર અથવા જિલ્લા પ્રમુખ જે પણ હોય તે ચૂંટણી માટે અરજી નહીં કરે. તે ફક્ત સંગઠનનું કામ કરશે. નહીંતર દરેક શહેર પ્રમુખ અને જિલ્લા પ્રમુખ ખુદ ચૂંટણીનો ઉમેદવાર બની જશે.

કોંગ્રેસ સંગઠન વિશે વાત કરતા આલોક મિશ્રાએ કહ્યું કે, જે લોકોએ ૧૯૮૨માં મારી જેમ કોંગ્રેસ નથી છોડી, હું તમને વચન આપું છું કે, હું મારૂ સર્વસ્વ ન્યોછાવર કરવા ઈચ્છુ છું, તમારા માટે અને કોંગ્રેસ પાર્ટીની સત્તા માટે બધું છોડવા ઈચ્છું છું. કોઈ પ્રકારે કોંગ્રેસ સત્તામાં આવી જાય, જ્યારે સત્તા હાથમાં આવશે તો આપણે નિર્ણય લઈશું. આલોક મિશ્રાના સંબોધન દરમિયાન ખુદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે અને રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધી તાળી વગાડતા જોવા મળ્યા હતાં.

જણાવી દઈએ કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે આલોક મિશ્રાને કાનપુર લોકસભા બેઠકથી ટિકિટ આપી હતી. તે ઈન્ડિયા ગઠબંધનના ઉમેદવાર હતાં. સપા અને કોંગ્રેસના સહયોગી સાથે મિશ્રા ૪,૨૨,૦૮૭ મત સાથે બીજા નંબરે આવ્યા હતાં. ભાજપના રમેશ અવસ્થીને ૪૪૩૦૫૫ મત મળ્યા હતાં અને તેમણે ૨૦,૯૬૮ મત સાથે ચૂંટણી જીતી હતી.

### ડાંગ જિલ્લામાં ગરમીનો પ્રકોપ વધ્યો

# આહવા, સુબીર અને વઘઈમાં ૪૪ ડિગ્રી તાપમાન નોંધાયું

**સાપુતારાની તળેટીમાં આવેલ શામગહાન ખાતે લઘુત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ**

ડાંગ,તા.૯

રાજ્યનાં અન્ય ભાગોની જેમ હવે ડાંગ જિલ્લામાં પણ ગરમીનું મોજુ ફરી વળ્યું છે.ડાંગ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે,જેના કારણે ડાંગી જનજીવન ત્રાહિમામ પોકારી ઉઠ્યું છે.આજે જિલ્લાના મુખ્ય મથકમાં આહવા, સુબીર અને વઘઈમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આ સિઝનનું અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન છે.

ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારામાં પણ ગરમીનો પ્રભાવ જોવા મળ્યો હતો અને સાપુતારામાં ૪૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતુ.બીજી તરફ સાપુતારાની તળેટીમાં આવેલ શામગહાન ખાતે લઘુત્તામ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ.જે દર્શાવે છે કે રાત્રિના સમયે પણ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ઉનાળાની શરૂઆત સાથે જ ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં આટલા ઊંચા તાપમાનના કારણે લોકોની મુશ્કેલીઓ વધી ગઈ છે. ખાસ કરીને રોજીંદી મજૂરી કરતા અને બહાર કામ કરતા લોકો ગરમીથી ખૂબ જ પરેશાન છે.

ગરમીના કારણે ડિહાઈડ્રેશન અને અન્ય સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ પણ વધી શકે છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા લોકોને બપોરના સમયે બિનજરૂરી રીતે બહાર ન નીકળવાની અને પુરતા પ્રમાણમાં પાણી પીવાની સલાહ આપવામાં આવી છે. વૃદ્ધો અને બાળકોને ખાસ કાળજી લેવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ ડાંગ જિલ્લામાં ગરમીનું પ્રમાણ યથાવત રહેવાની આગાહી કરવામાં આવી છે, જેના કારણે લોકોએ વધુ સાવચેતી રાખવાની જરૂર છે. જિલ્લામાં આટલા ઊંચા તાપમાનના કારણે જનજીવન પર અસર જોવા મળી રહી છે.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૭૭મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો




અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૭૭મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષ – ગાંધીનગર તથા આયુર્વેદ વિભાગમાં ડો. આરતીબેન રાઠોડ મે. ઓ. સરકારી આયુર્વેદ દવાખાનું–ચાડિયા, વિ હોમિયોપેથી દિવસ નિમિત્તે ડો. પ્રકાશ ગુંદરણિયા મે. ઓ. જનરલ હોસ્પિટલ અમરેલીના સંયુકત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ મંગલ દિપપ્રાગટયથી થયો હતો આ પ્રસંગે સંસ્થાના વડા પુ. ડો. રતિદાદા અને ડોકટરો દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. પુ. ડો. રતિદાદાએ બધાને સારૂ થઈ જાય પછી બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસન મુકત રહેવું, સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી મળીને રહેવું. પી. એમ. તરફથી ૨ના આર્થીક સહયોગથી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ–રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની ચકાસણી કરી હતી. જે પૈકી ૩૫ દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. નેત્રયજ્ઞમાં તથા ડો. વાઘેલા સાહેબ દ્વારા અનેક દર્દીઓને આંખની તપાસ પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આયુર્વેદિક કેમ્પમાં બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. દંતયજ્ઞમાં ડો. અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ, સેવા અને જાહેર સુખાકારી શ્રેત્રે એવોર્ડ વિજેતા મંજુબા તથા શીતલબેન વગેરે ખુબ જહેમત ઉઠાવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં કેરિયા રોડ પર આવેલ

ઝુપડપટ્ટીમાંઆજેસવારેકોઈ કારણોસર અચાનક આગ લાગવાનો બનાવ બનેલ હતો. જે અંગેની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે જાણ કરવામાં આવતાં ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની રાહબરી હેઠળ અમરેલી ફાયર ઈમરજન્સીસર્વિસનીટીમબે ફાયરટેન્ડર સાથે તુરંત ઘટના સ્થળ પર પહોંચીઅને આગ પર સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવેલ હતો.

જયારે ફાયર સ્ટાફની સતર્કતાથીઆજુબાજુનાઝુંપડાઆગના પ્રસરે તે રીતે કામગીરી કરી અન્ય ઝૂંપડાઓને પણ આગથી બચાવેલ હતા. જયારે આગ લાગેલા ઝુંપડામાંથી ઘરવખરી તેમજ કિંમતી ચીજ વસ્તુઓ બહાર કાઢી નુકશાન અટકાવી અને આગને કાબુમાં લીધી હતી. સદનસીબે આ બનાવમાં કોઈ પ્રકારની જાનહાની થવા પામેલ નથી.

આ આગને કાબુમાં લેવાની કામગીરીમાં ફાયર સ્ટાફના હિંમતભાઈ બાંભણિયા, પ્રવીણભાઈ ચૌહાણ, પારસભાઈ પરમાર, સાગરભાઈ પુરોહિત, દિલીપ સિંહ રાઠોડ તથા હર્ષપાલસિંહ ગઢવી વિગેરે જોડાયા હતા.

**આગની બીજી ઘટના**

અમરેલી શહેરના લાઠી રોડ ઉપર આવેલ ધરમનગર–૧, શિવમંદિર પાસેના વિસ્તારમાં એક રહેણાંક મકાનમાં સાંજના સમયે અચાનક આગ લાગવાની ઘટના બનેલ હતી. આ બનવાની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે કરવામાં આવતાં અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમ એક ફાયર ટેન્ડર સાથે તુરંત ઘટના સ્થળ પર પહોંચી આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવેલ હતો અને ફાયર સ્ટાફની સૂઝબુજથી મકાનમાં રહેલ ઘરવખરી તેમજ કિંમતી ચીજ વસ્તુઓ બચાવી લીધેલ અને આજુબાજુમાં આગના પ્રસરે તેની તકેદારી રાખી કામગીરી કરી સદનસીબે આ બનાવમાં કોઈ પ્રકારની જાનહાની થવા પામેલ નથી.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી નાગરિક સહકારી બેન્કનાં

સહકારી બેન્કના દિર્ઘદ્રષ્ટા પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાનાં માર્ગદર્શન હેઠળ બેન્કના રીકવરી ઓફિસર અજયભાઈ નાકરાણીએ દિલીપભાઈ મગનભાઈ દેસાઈ વિરૂધ્ધ ધી. નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ હેઠળ કેસ દાખલ કર્યો હતો. આ કાયદા હેઠળ થતાં આર્થિક અનિયમિતતાના બનાવો અટકાવવા અને પ્રત્યેક ગ્રાહકને સુરક્ષિત રાખવાના મુદે બેન્કે કડક કાર્યવાહી કરી હતી. આ કેસમાં અમરેલીનાં બીજા એડીશનલ સિનિયર સિવિલ જજ અને એડી. ચીફ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ ધ્વારા ચુકાદો સંભળાવતા ચેકની રકમ રૂા. ૨,૨૮,૦૦૦ ફરિયાદ તારીખથી તથા ૯ ટકા વ્યાજનો હુકમ કરેલ છે. સદર રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીને વધુ છ માસની કેદની સજાનો તા. ૧૨/૩/૨૫નાં રોજ હુકમ કરેલ છે. જેમાં બેન્કના વકીલ તરીકે સંજયભાઈ ડી. ચાવડા અને અજયભાઈ જે. રાઠોડ રોકાયેલ હતા. તેમજ બેન્કનાં બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામેલ છે. તેવું બેન્ક મેનેજર દિલીપભાઈ ધોરાજીયાની યાદીમાં જણાવ્યું છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીની તરૂણી સાથે

આ બનાવમાં અમરેલીમાં રહેતા આરોપી લાલજી ઉર્ફે લાલો ઉર્ફે બાદલ રવજીભાઈ માલકિયા નામના ડ્રાઈવર અમરેલીમાં ભોગ બનનારના ઘરની પાછળ ભાડેથી રહેતો હોય અને તરૂણી સગીર વયની હોવાનું જાણતો હોવા છતાં તેણીના ઘરની આસપાસ સતત પીછો કરી, બિભત્સ ઈશારોઓ કરી, તેણી ઉપર ચીઠ્ઠીઓના ઘા કરી તથા જાનથી મારી નાખવાની તથા બદનામ કરવાની ધમકીઓ આપી, તેણીને પરાણે મળવા બોલાવી, જાતીય સતામણી તથા અડપલા કરી, અમરેલીથી લીલીયા રોડ લાલાવદર ગામ નજીક આવેલ નાગનાથ પેટ્રોલ પંપ પાસે આવેલ એક વાડીએ આવેલ ઓરડીમાં આરોપીએ પોતાના હાવાલાની છોટા હાથી વાહન નં. જી.જે.–૨૫ યુ–૩૯૨૬માં ગઈ સાડા ચાર વર્ષ પહેલાં શિતળા સાતમ તથા જન્માષ્ટમી આઠમ જે તા. ૧૧/૧૨/૮/૨૦ના રોજ તરૂણીને લઈ જઈ, તરૂણી સાથે જબરજસ્તીથી વારંવાર કુલ ત્રણ વખત પ્રવેશ જાતીય હુમલો કરી પરાણે શરીર સબંધ બાંધેલ હતો.

તેમજ આરોપીએ તરૂણીને લલચાવી ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે તરૂણીના માતા પિતાના કાયદેસરનાં વાલીપણામાંથી ગત તા. ૨૨/૮/૨૦ના રોજ પોતાના કબ્જા હવાલાવાળા છોટા હાથી વાહન નંબર જી.જે.–૨૫ યુ–૩૯૨૬ માં તરૂણીનું અપહરણ કરી, અમરેલીથી ભગાડી હાલોલ ખાતે એશિયન ગ્રીન સોસાયટીના બ્લોક નં. સી–૦૩નો ફલેટ ભાડે રાખી તેમાં ગત તા. ૨૪/૮/૨૦થી તા. ૩૦/૯/૨૦સુધીમાં આશરે કુલ–૨૫ વખત વારંવાર અવાર નવાર તરૂણીની મરજી વિરૂધ્ધ પરાણે તથા ભોગ બનનાર સંમતી આપવા અસક્ષમ હોય તેમ છતાં બળાત્કાર કરી, સૃષ્ટી વિરૂધ્ધ કૃત્ય કર્યાની જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી.

આ અંગેનો કેસ અમરેલીની એડી.સેશન્સ કોર્ટ અને સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલને કોર્ટે માન્ય રાખી ન્યાયમુર્તિ ડી.એસ. શ્રીવાસ્તવ દ્વારા આરોપી લાલજી ઉર્ફે લાલો ઉર્ફે બાદલ રવજીભાઈ માલકિયાને આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ મુજબના ગુન્હામાં કસુરવાર ઠરાવી ૭ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૨૦ હજાર દંડ તથા આઈ.પી.સી. કલમ ૩૭૬(૩) તથા પોકસો એકટ કલમ ૬ના ગુન્હામાં કસુરવાર ઠરાવી આરોપીને જીવનના અંતિમ માસ સુધી (આજીવન) સખત કેદ તથા રૂપિયા એક લાખ દંડ તથા આઈ.પી.સી. ૫૦૬(૧), ૫૦૬(૨)ના ગુન્હામાં કસુરવાર ઠરાવી ૫ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૫ હજારનો દંડની સજાનો હુકમ કર્યો હતો. જયારે આ બનાવની ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૪ લાખ વળતર ચુકવવા આદેશ કર્યો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં નાના આંકડીયાથી

તરફથી એક ડબલ સવારી વાળુ મોટર સાયકલ આવતા જેની પાસે પ્લાસ્ટીકની સીમેન્ટની થેલીમાં બાચકામાં શંકાસ્પદ જણાતા આ બંને કોન્સ્ટેબલોએ ઈશારો કરી મોટર સાયકલ ઉભુ રખાવી અને ચલાવનારનું નામ પુછતા તેણે પોતાનું નામ રાહુલ હસમુખભાઈ સોંદરવા રે. મોણપર વાળો તથા પાછળ બેસેલ ઈસમે પોતાનું નામ અરવિંદભાઈ ધીરૂભાઈ પરમાર હોવાનું જણાવેલ અને આ બંને કોન્સ્ટેબલોએ બાચકુ ચેક કરતા તેમાં ૭૫૦ મી.લી.ની ૨૪ વિદેશી બનાવટની દારૂની બોટલ મળી આવેલી અને જેથી આ કામના ફરીયાદીએ તથા તેની સાથેના કોન્સ્ટેબલે અમરેલી તાલુકા પો.સ્ટે.ના પી.એસ.આઈ. એન.એ. વાઘેલાને જાણ કરેલી અને સ્થળનું લોકેશન આપેલું અને તે દરમિયાન ૩ પુરૂષો અને ૨ સ્ત્રીઓ સામેથી ચાલીને આવતા હતા. જેમાં ધીરૂભાઈ દુદાભાઈ પરમાર, સંજયભાઈ ધીરૂભાઈ પરમાર, શારદાબેન ધીરૂભાઈ પરમાર, કાજલબેન અરવિંદભાઈ પરમાર તેમના હાથમાં કુહાડી, પથ્થરથી પોલીસકર્મી પર જીવલેણ હુમલો કરેલો. જેમાં રાહુલ સોંદરવાએ મોટો પથ્થર લઈને પો.કોન્સટેબલોને ઈજા કરેલી તથા બાકીના આરોપીઓએ લાકડી તથા કુહાડીથી ઈજા કરેલી અને પોલીસકર્મીઓ પાસેનો મોબાઈલ ફોન તથા રૂા. ૧૮,૦૦૦/– ઝુટવી લીધા હોવાની ફરીયાદ આ કામના ફરીયાદી વરજાંગભાઈ રામભાઈ મુળાસીયાએ કરેલી અને તેમને થયેલ જીવલેણ ઈજા બદલ બંને પોલીસ કોન્સ્ટેબલોએ અમરેલી સીવીલ હોસ્પીટલમાં સારવાર લીધેલી હતી. તેમજ આ કામના બંને પોલીસ કર્મચારીઓએ સારવાર દરમિયાન એકઝીકયુટીવ મેજી. સમક્ષ ડી.ડી. આપેલ હતું. ત્યારબાદ આ કામે ગંભીર ઈજા પામનાર અને ફરજ પરના પોલીસ કર્મચારીઓ હોય પોલીસ તરફથી અમરેલી પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ – ૩૯૫, ૩૯૭, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૮૬, ૨૨૪, ૨૨૫, ૩૩૩, ૩૫૩ તથા ૩૪ વિ. મુજબનો ગુન્હો નોંધવામાં આવેલો અને ત્યારબાદ પોલીસ તરફથી ઉપરોકત ગુન્હાની તપાસ પી.એસ.આઈ. વાઘેલાએ કરી ત્યારબાદ ચાર્જશીટ કરેલ હતી અને ત્યારબાદ આ કામે અમરેલીના સેશન્સ જજ સાહેબ સમક્ષ આ કેસ શરૂ થયેલ હતો.

આ કામે કેસ શરૂ થતા સરકાર પક્ષે ફરીયાદીનો કેસ સાબીત કરવા માટે ઘણા પોલીસ સાક્ષીઓ તપાસવામાં આવેલ હતા, તેમજ આ કામે ગંભીર ઈજા પામનાર પોતે ફરીયાદી હોય તેમને તથા ઈજા પામનાર પણ પોલીસ હોય તેમની જુબાની થયેલ હતી તથા પોલીસના ઘણા બધા સાક્ષીઓ તપાસવામાં આવેલ હતા તેમજ એફ.એસ.એલ. અધિકારીને પણ તપાસવામાં આવેલ હતા. આ કામે સમગ્ર કેસ ચાલી જતા ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરતા પ્રયત્નો કરવા છતા આ કામના આરોપી રાહુલભાઈ હસમુખભાઈ સોંદરવા, ધીરૂભાઈ દુદાભાઈ પરમાર, સંજયભાઈ ધીરૂભાઈ પરમાર, અરવિંદભાઈ ધીરૂભાઈ પરમાર, શારદાબેન ધીરૂભાઈ પરમાર, કાજલબેન અરવિંદભાઈ પરમાર, રમણીકભાઈ ધીરૂભાઈ પરમાર સામે સાબીત કરી શકેલ ન હોય આ કામના તમામ આરોપીઓને અમરેલીના ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ શ્રી આર.વી. બુખારી મેડમે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપી રાહુલભાઈ હસમુખભાઈ સોંદરવા તરફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયેલ હતા તથા અન્ય આરોપી તરફે સીનીયર એડવોકેટ એ.એમ. નકવી તથા વી.એમ. લચ્છા એડવોકેટ ગોપાલ ઠાકર રોકાયેલા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરાની સ્વામી વિવેકાનંદ સોસાયટીમાં

કારણે ત્યાંના રહેવાસીઓને બફારામાંજ રહેવું પડયું છે હજુ તેનો પ્રશ્ન સોલ્વ થયેલ નહતો અને ડીમ હોલ્ટેજના કારણે લોકોના પંખા લાઈટ પણ બરોબર ચાલુ થયેલ ના હોવાને કારણે પીજીવીસીએલ હેરાનગતિએ માઝા મૂકી છે પીજીવીસીએલમાં છેલ્લા બે વર્ષથી લોકોને લાઈટના અનેક પ્રશ્નોથી ત્રાહિમામ કરી ગયા છે બગસરામાં અનેક સંસ્થાઓ હોવાના કારણે આવા જટિલ પ્રશ્નો સરકાર પાસે મૂકી આવા અધિકારીઓ લોકોને ખોટી રીતે હેરાન કરતા હોય અને આવા ઉનાળામાં પંખા વગર પણ માણસને રહેવું મુશ્કેલ પડેલ હોય ત્યારે આવા જટિલ પ્રશ્નોનો કયારે નિકાલ આવશે જોકે બગસરાના જાગૃત નાગરિક દ્વારા કહેવામાં આવ્યું હતું આવા અધિકારીઓ ભાજપ સાથે સાત ઘાટ હોય જેથી તેની મનમાની કરતા હોય તેના લીધે બગસરા વાસીઓને અનેકવાર હેરાનગતિ કરતા હોય ચૂંટણી ટાણે ભાજપ સરકાર મત લેવા માટે ધોળા દિવસે તારા બતાવે છે ત્યારે આવા અધિકારીઓને ત્યારે તારા બતાવશે તે જોવાનું રહ્યું તેમ બગસરાના એક જાગૃત નાગરિક દ્વારા પ્રેસ યાદીમાં જણાવેલ છે.

## જાહેર નોટિસ

**અમરેલીના મહેરબાન પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મું.અમરેલી.**

દિ.પ.અ.નબર–૦૯/૨૦૨૫
મુ. તારીખ : ૨૫/૦૪/૨૦૨૫

અરજદાર : જીગ્નાશાબેન ઈન્દ્રવદનભાઈ જોષી
રહે. 'આશુતોષ' ચક્કરગઢ રોડ, સરસ્વતી સોસાયટી, અમરેલી

**// વિરૂધ્ધ //**

સામાવાળા : –૦૦૦–૦૦૦–૦૦૦–

**અરજદારના વકીલ – શ્રી કે.ડી.રૂપારેલ**

આથી આ જાહેર નોટીસથી સૌ કોઈ લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે, આ કામનાં અરજદાર જીગ્નાશાબેન ઈન્દ્રવદનભાઈ જોષી ઉ.વ.૪૬ રહે. 'આશુતોષ' ચક્કરગઢ રોડ, સરસ્વતી સોસાયટી, અમરેલી ખાતે રહે છે. અરજદારના પિતાશ્રીએ યુટીઆઈ મ્યુચ્યલ ફંડોમાં રોકેલ કુલ રકમ રૂા.૪,૬૯,૧૪૦ – ૭૬ ની તા.૧૯/૦૬/૨૦૨૪ ના રોજની કુલ એસેટ વેલ્યુ. રૂા.૯,૫૪,૫૬૦–૧૧ પૈસા એસેટ વેલ્યુ હોય તે રકમ મેળવવા નામદાર કોર્ટમાં અરજી કરી ટ્રાન્સફર કરી આપવા જણાવેલ છે.

આમ, વારસાઈના આધારે દર્શાવેલી રકમ અમો અરજદારના નામજોગ કરવા અંગેની કાર્યવાહી કરવા માટે અમારે વારસાઈ સર્ટીફીકેટ મેળવવાની જરૂરીયાત પડતા ભારતીય વારસાધારાની કલમ–૩૭૨ અન્વયે વારસાઈ સર્ટીફીકેટ મેળવવા અરજદારે અરજી કરેલ છે.

જેની સામે જે કોઈને વાંધો કે તકરાર હોય તો તેણે અત્રેની અદાલત (રૂમ નં.૨૦૮) માં મુદત તારીખ : ૨૫/૦૪/૨૦૨૫ના રોજ સવારે ૧૦:૪૫ કલાકે અચુક હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયે સદર કામે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

આજ રોજ તા.૦૭, માહે – એપ્રિલ, સને ૨૦૨૫નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

| **તૈયાર કરનાર** | | **મુકાબલ કરનાર** | **હુકમથી,** |
|---|---|---|---|
| (પી.એસ.જેઠવા) હેડ કલાર્ક પ્રિન્સી. સિની. સિવિલ કોર્ટ અમરેલી | સિક્કો | ( એ. એમ. વ્યાસ ) સુપ્રિન્ટેન્ડેન્ટ પ્રિન્સી. સિની. સિવિલ કોર્ટ અમરેલી | (જે.એ.જોષી) રજીસ્ટ્રાર પ્રિન્સી.સીની. સીવીલ કોર્ટ, અમરેલી |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૫ | ૧૪૨૦ |
| ૨ | મગફળી | ૯૨૬ | ૧૦૦૫ |
| ૩ | ઘઉં લોકવન | ૪૧૫ | ૪૯૦ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૭૬ |
| ૫ | તુવેર | ૧૩૨૬ | ૧૩૫૧ |
| ૬ | ધાણા | ૧૦૧૦ | ૧૩૭૦ |
| ૭ | એરંડા | ૧૧૬૧ | ૧૧૬૧ |
| ૮ | સોયાબીન | ૬૫૦ | ૭૬૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૦૦ | ૧૦૪૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૩૪ | ૧૦૩૪ |
| ૩ | શિંગ મોટી | ૭૧૬ | ૧૦૭૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૮૪૦ | ૧૨૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૧૭૧ |
| ૬ | તલ કાળા | ૪૩૮૧ | ૪૬૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૦૫૧ | ૨૧૮૬ |
| ૮ | જુવાર | ૪૫૦ | ૮૭૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૧૮ | ૬૪૩ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૪ |
| ૧૧ | મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| ૧૨ | અડદ | ૯૨૦ | ૧૪૨૦ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૦૯૮ |
| ૧૪ | ચણા દેશી | ૧૦૨૫ | ૧૨૩૦ |
| ૧૫ | ચણા સફેદ | ૧૦૧૫ | ૧૩૩૮ |
| ૧૬ | તુવેર | ૭૪૦ | ૧૩૭૯ |
| ૧૭ | વાલ | ૯૦૦ | ૧૨૫૦ |
| ૧૮ | કપાસ | ૭૪૦ | ૧૪૮૯ |
| ૧૯ | એરંડા | ૧૦૬૦ | ૧૧૯૧ |
| ૨૦ | જીરૂ | ૨૬૦૦ | ૪૯૪૯ |
| ૨૧ | રાયડો | ૯૯૦ | ૯૯૦ |
| ૨૨ | રાય | ૭૦૦ | ૧૦૩૦ |
| ૨૩ | ધાણા | ૧૦૩૦ | ૧૪૯૫ |
| ૨૪ | ધાણી | ૧૧૦૦ | ૧૯૯૫ |
| ૨૫ | અજમા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ૨૬ | મેથી | ૬૦૦ | ૯૬૫ |
| ૨૭ | સોયાબીન | ૫૦૦ | ૮૧૧ |
| ૨૮ | મરચા લાંબા | ૩૦૦ | ૧૬૧૦ |
| ૨૯ | દેશી મરચા | ૬૧૦ | ૬૫૫૦ |
| ૩૦ | કાંગ | ૪૪૫ | ૫૫૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૧૮ | ૧૦૪૩ |
| ૨ | શીંગ મોટી | ૯૫૦ | ૧૦૫૪ |
| ૩ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૧૦૦ |
| ૪ | જીરૂ | ૪૩૦૦ | ૪૯૨૦ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૪૮૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૪૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૪૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૧૧ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૭૫૧ |
| ૧૦ | મકાઈ | – | ૬૦૨ |
| ૧૧ | અડદ | ૮૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૮૦ | ૧૧૨૬ |
| ૧૩ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૩૭૦ |
| ૧૪ | તુવેર | ૧૨૦૦ | ૧૩૨૧ |
| ૧૫ | એરંડી | ૧૧૧૦ | ૧૧૮૪ |
| ૧૬ | મેથી | ૮૦૦ | ૧૦૫૪ |
| ૧૭ | રાય/રાયડો | ૮૫૦ | ૧૦૫૩ |
| ૧૮ | ધાણા | ૧૩૦૦ | ૧૭૦૦ |
| ૧૯ | સોયાબીન | ૭૦૦ | ૭૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૨૯ |
| ૨ | ઘઉં લોકવન | ૩૭૦ | ૫૧૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૭૦ | ૫૪૭ |
| ૪ | ચણા | ૭૪૦ | ૧૦૯૫ |
| ૫ | મેથી | ૮૦૦ | ૯૩૦ |
| ૬ | ધાણા | ૭૦૦ | ૧૨૮૦ |
| ૭ | મગફળી | ૫૬૦ | ૯૫૦ |
| ૮ | મગ | ૧૫૦૫ | ૧૫૦૫ |
| ૯ | રાયડો | ૮૫૦ | ૮૫૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૧૧ | રાય | ૮૫૦ | ૯૩૦ |
| ૧૨ | સોયાબીન | ૬૨૦ | ૮૦૧ |
| ૧૩ | શીંગફાડા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૪ | એરંડી | ૧૦૭૦ | ૧૧૦૦ |
| ૧૫ | ધાણી | ૧૨૫૦ | ૧૩૦૦ |
| ૧૬ | વાલ | ૫૦૦ | ૫૦૦ |
| ૧૭ | તુવેર | ૯૦૦ | ૧૩૫૦ |
| ૧૮ | મકાઈ | ૩૫૫ | ૪૧૦ |
| ૧૯ | જુવાર | ૬૨૨ | ૬૨૨ |
| ૨૦ | જીરૂ | ૨૩૪૦ | ૪૮૪૫ |
| ૨૧ | ચણા સફેદ | ૧૦૯૫ | ૧૨૪૦ |
| ૨૨ | તલ સફેદ | ૧૪૨૦ | ૧૪૨૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૯ | ૧૫૪૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૯૯૫ | ૧૦૩૫ |
| ૪ | ઘઉં | ૪૬૦ | ૫૫૦ |
| ૫ | તુવેર | ૧૨૬૦ | ૧૩૬૦ |
| ૬ | ધાણા | ૧૩૮૦ | ૧૫૩૦ |
| ૭ | જીરૂ | ૩૯૩૦ | ૪૯૩૦ |
| ૯ | ચણા | ૧૦૬૨ | ૧૦૯૮ |
| ૧૦ | મેથી | ૯૬૦ | ૧૦૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૫૦ | ૯૯૩ |
| ૨ | તલ સફેદ | ૧૨૦૦ | ૧૭૫૦ |
| ૩ | તલ પીળા | ૧૮૫૦ | ૧૯૦૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૭૧ |
| ૫ | બાજરો | ૫૪૧ | ૫૮૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૪૦ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૯૫૦ |
| ૮ | અડદ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૯ | તુવેર | ૧૦૯૦ | ૧૨૦૧ |
| ૧૦ | ચણા | ૧૦૦૦ | ૧૦૯૧ |
| ૧૧ | જીરૂ | ૩૦૦૦ | ૪૫૦૦ |
| ૧૨ | રાય | ૧૦૦૦ | ૧૧૪૧ |
| ૧૩ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૪ | મેથી | ૯૦૧ | ૧૧૨૫ |
| ૧૫ | સોયાબીન | ૭૩૦ | ૭૩૦ |
| ૧૬ | એરંડી | ૮૦૦ | ૮૦૦ |

### ૧૦મી એપ્રીલ એટલે વિશ્વ હોમિયોપેથી દિવસ–કુદરત સાથે સંગાથનું સ્મરણ

# હોમિયોપેથી એ દવા કરતા વધુ એક શાંતિપૂર્ણ, કુદરતી જીવનશૈલી છે ચાલો, આ દિવસે એક નવા આરોગ્યયાત્રાની શરૂઆત તરીકે મનાવીએ



અમરેલી, તા.૯

દર વર્ષે ૧૦મી એપ્રિલને વિશ્વ હોમિયોપેથી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસને હોમિયોપેથી સ્થાપક ડો. સેમ્યુઅલ હેનેમેનની જન્મજયંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. આજે સમગ્ર વિશ્વમાં લોકો હોમિયોપેથી દવાઓ પર વિશ્વાસ કરી રહ્યા છે અને તેના દ્વારા તેમની સ્વાસ્થ્ય સમસ્યાઓની સારવાર કરાવી રહ્યા છે.લોકોનો તેના પર વિશ્વાસ એટલા માટે પણ છે કારણ કે તેની આડઅસર થવાની શકયતાઓ ઓછી છે અને રિકવરીની શકયતાઓ વધુ છે. હોમિયોપેથી દવાઓ લાઈક કયોર લાઈકના સિદ્રાંત પર આધારિત છે. આનો અર્થ એ છે કે જે પદાર્થ ઓછી માત્રામાં લેવામાં આવે છે, તે જ લક્ષણો વધુ માત્રામાં લેવામાં આવે છે. હોમિયોપેથી ગ્રીક શબ્દ હોમિયો પરથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ સમાન છે અને પેથોસનો અર્થ થાય છે પીડા અથવા રોગ, આવો જાણીએ શું છે આ દિવસનો ઈતિહાસ અને મહત્વ.હોમિયોપેથીનો ઈતિહાસ : હોમિયોપેથી દવાઓ અને સર્જરીનો ઉપયોગ કરતી નથી. તે એવી માન્યતા પર આધારિત છે કે દરેક વ્યકિત છે, તેની અલગ–અલગ લાક્ષણિકતાઓ છે અને તે મુજબ સારવાર કરવી જોઈએ. જર્મન ચિકિત્સક અને રસાયણશાસ્ત્ર સેમ્યુઅલ હેનેમેન (૧૭૫૫–૧૮૪૩) દ્વારા વ્યાપક સફળતા પ્રાત્ર કર્યા પછી હોમિયોપેથી સૌપ્રથમ ૧૯મી સદીમાં પ્રસિદ્રિમાં આવી. પરંતુ તેની ઉત્પતિ પૂર્વે ૫મી સદીની છે, જયારે દવાઓના પિતા હિપ્પોકેટસે તેમના દવાના બોકસમાં હોમિયોપેથી ઉપચારો દાખલ કર્યા હતા.એવું કહેવાય છે કે તે હિપ્પોકેટસ હતા જેમણે રોગને સમજતી વખતે સમજયું કે તે આપણા શરીર પર કેવી અસર કરે છે અને તેથી હોમિયોપેથિકની શોધ થઈ. તેમણે સમજાવ્યું કે રોગના નિદાનમાં દરેક વ્યકિતના લક્ષણો, તેઓ રોગ પ્રત્યે કેવી પ્રતિક્રિયા આપી રહ્યા છે અને તેમની હીલિંગ શકિત મહત્વપૂર્ણ છે તે સમજવું જરૂરી છે. આ સમજ આજે હોમિયોપેથીનો આધાર બની ગઈ છે. હિપ્પોકેટસ પછી હોમિયોપેથીની મોટાભાગે અવગણના કરવામાં આવી હતી, પરંતુ હેનેમેને ૧૮મી સદીના અંતમાં તેને પુનર્જીવિત કરવાનું કામ કર્યુ હતું.એવું કહેવાય છે કે તે સમયે રોગ ખૂબ જ ઝડપથી ફેલાયો હતો અને તબીબી સારવાર ખૂબ જ હિંસક અને આક્રમત બની હતી. તે સમય દરમિયાન હેનિમેનને કિલનિકલ દવા સંપૂર્ણપણે અસ્વીકાર્ય લાગી. તેમણે દવા અને રસાયણશાસ્ત્ર પર સખત મહેનત કરી અને નબળી સ્વચ્છતા સામે પોતાનો વિરોધ વ્યકત કર્યો જે રોગના ઝડપથી ફેલાવાનું કારણ બની રહ્યું હતું. આટલું જ નહીં, હેનિમેન તે તબીબી પદ્રતિઓ અને દવાઓની વિરદ્ર હતા જેની શરીર પર ભયંકર આડઅસર થઈ રહી હતી. તેમના આ વિચારથી દવાના ક્ષેત્રમાં કંઈક શોધાયું,નેણે તેમને હોમિયોપેથી સાચા સ્થાપક બનાવ્યા. વિશ્વ હોમિયોપેથી દિવસ શા માટે ઉજવવામાં આવે છે ? હોમિયોપેથી વિશે જાગૃતિ લાવવા અને હોમિયોપેથીની પહોંચ સુધારવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. હોમિયોપેથીને મોટા પાયે વિકસાવવા માટે જરૂરી ભવિષ્યની વ્યૂહસ્ચના અને તેના પડકારોને સમજવું પણ મહત્પૂર્ણ છે. હોમિયોપેથી સરેરાશ વ્યાવસાયિક સફળતા દરમાં વધારો કરતી વખતે, શિક્ષણની ગુણવતા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.હોમિયોપેથી એ દવાની એક પદ્રતિ છે જે માને છે કે શરીર પોતાને સાજા કરી શકે છે. હોમિયોપેથી પ્રેકિટશનરો ઓછી માત્રામાં કુદરતી પદાર્થો જેમ કે છોડ અને ખનિજોનો ઉપયોગ કરે છે. તેઓ માને છે કે આ ઉપચાર પ્રક્રિયાને ઉતેજીત કરે છે. હોમિયોપેથી વિશે જાગૃતિ લાવવા માટે ૧૦ એપ્રિલે વિશ્વ હોમિયોપેથી દિવસ મનાવવામાં આવે છે. ઉપરાંત, આ દિવસ હોમિયોપેથી સ્થાપક સેમ્યુઅલ હેનેમેનના જન્મદિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. હોમિયોપેથી બે ગ્રીક શબ્દોથી બનેલો છે હોમિયોપેથી એ બે ગ્રીક શબ્દો, હોમિયોસ અને પેથોસનું સંયોજન છે. હોમિયોસ એટલે સમાન અને પેથોસ એટલે દુ:ખ બીજા શબ્દોમાં કહીએ તો, હોમિયોપેથીએ રોગોની સારવારની પદ્રતિઓ છે. હોમિયોપેથી ઉત્પાદનો પર્વતની ઔષધિઓ, સફેલ આર્સેનિક, પોઈઝન આઈવી જેવા ખનિજો અને પીસેવા મીણ જેવા પ્રાણી ઉત્પાદનોમાંથી બનાવવામાં આવે છે. આ હોમિયોપેથિક ઉત્પાદનો ખાંડની ગોળીઓ, મલમ, ગોળીઓ, જેલ, કીમ અને ટીપાંના સ્વરૂપમાં છે. સારવાર દરેક વ્યકિતની જરૂરિયાતોને અનુરૂપ છે.

૧૦મી એપ્રિલ એટલે વિશ્વ હોમિયોપેથી દિવસ–કુદરત સાથે સંગાથનું સ્મરણ હોમિયોપેથીએ દવા કરતા વધુ–એક શાંતિપૂર્ણ, કુદરતી જીવનશૈલી છે.

ચાલો, આ દિવસ એક નવા આરોગ્યયાત્રાની શરૂઆત તરીકે મનાવીએ.

**– મિતલ ખેતાણી(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### વિવિધ સેવાકીય પ્રવૃતિઓ સાથે

# સાવરકુંડલા : તાત્કાલિક હનુમાનજી આશ્રમમાં હનુમાન જયંતીની થશે ઉજવણી

### હનુમાનજીનાં ભકતોને લાભ લેવા અનુરોધ



સાવરકુંડલા, તા.૯

સાવરકુંડલા સ્થિત તાત્કાલિક હનુમાનજી આશ્રમ, કે. કે. હાઈસ્કૂલ પાછળ, ખાતે આગામી તા. ૧૨મી એપ્રિલ, ૨૦૨૫ (શનિવાર) ના રોજ ચૈત્રી પૂર્ણિમાના શુભ અવસરે રામ ભક મહાબલી હનુમાનજી મહારાજનો પ્રાગટય મહોત્સવ ભકિતભાવ અને ઉલ્લાસભેર ઉજવવામાં આવશે. આ પવિત્ર પ્રસંગે ધાર્મિક આયોજનોની સાથે સાથે માનવતા અને સમાજ પ્રત્યેની સેવાકીય ભાવનાને ચરિતાર્થ કરતાં વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વિનામૂલ્યે એકયુપ્રેશર નિદાન અને કુદરતી ઉપચાર કેમ્પ બપોરે ૪:૦૦થી સાંજે ૬:૦૦ કલાક દરમિયાન આ કેમ્પમાં કમર તથા સાંધાના દુખાવા, સાઈટીકા, માઈગ્રેન, જૂની શરદી, પેરાલીસીસ અને અનિદ્રા જેવા વર્ષો જૂના અને હઠીલા રોગોનું તદ્દન નિઃશુલ્ક નિદાન એકયુપ્રેશર તથા મેગ્નેટ પદ્ધતિ દ્વારા કરવામાં આવશે. આ સેવા યજ્ઞમાં જાણીતા ચિકિત્સકો ગોપાલભાઈ ભરખડા અને હીનાબેન ભરખડા પોતાની અમૂલ્ય સેવાઓ પ્રદાન કરશે. તેમજ સાંજે ૬:૦૦ કલાકે પક્ષીઓ પ્રત્યેની સંવેદના અને સેવાભાવનાને ધ્યાનમાં રાખીને પક્ષીઓ માટે માળા અને પાણી ભરવા માટે માટીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. ત્યારબાદ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, સાવરકુંડલાના સંપૂર્ણ સહયોગથી રાત્રે ૬:૦૦ થી ૯:૦૦ કલાક દરમિયાન રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ માનવતાના કાર્યમાં સહભાગી થનાર દરેક રકતદાતાઓને આકર્ષક ગિફટ આપવામાં આવશે. સાંજે ૭:૦૦ કલાકે ભગવાન શ્રી હનુમાનજી મહારાજની ભવ્ય અને મંગલમય દિવ્ય આરતી યોજાશે. આરતી સંપન્ન થયા બાદ તમામ ઉપસ્થિત ભકતો, સંતો, મહંતો ભાઈઓ અને બહેનો તેમજ નાના બાળકો એક સાથે પંગતમાં બેસીને ભગવાનના પવિત્ર મહાપ્રસાદનો લાભ લેશે. તાત્કાલિક હનુમાનજી આશ્રમ માત્ર એક ધાર્મિક સ્થળ નથી, પરંતુ તે જરૂરિયાતમંદોને સહાય કરવા, આરોગ્ય સેવાઓ પૂરી પાડવા અને સમાજના ઉત્થાન માટે સતત કાર્યરત છે. આ પ્રાગટ્ય મહોત્સવ આશ્રમની સેવાકીય પ્રવૃત્તિઓનો એક ભાગ છે, જેનો ઉદ્દેશ્ય ધર્મ અને સેવાનો સમન્વય સાધવાનો છે. આ શુભ અવસરે આપ સૌને પધારવા અને હનુમાનજી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કરવા ભાવભર્યું આમંત્રણ છે. આશ્રમના મહંત હનુમાનદાસબાપુ ગુરૂરામસુંદરદાસબાપુ દ્વારા એક યાદીમાં જણાવવામાં આવી હતી.

### પીપળવા સમસ્ત ગ્રામજનો દ્વારા ઉત્સાહભેર

# વીર માંગડાવાળા દાદાની જન્મજયંતીએ ૨૪ કલાકનો નવરંગો માંડવો યોજાયો

### મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાયા




ખાંભા, તા. ૯

પીપળવા નજીક આવેલ વિર માંગવાવાળા દાદાના દેવસ્થાને ખાતેનો ૨૪ કલાકનો નવરંગા માંડવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું અને આ નવરંગા માંડવો રાજ વિર માંગવાવાળા દાદાની જન્મ જયંતી નિમિતે યોજવામાં આવ્યો હતો આ ભવ્ય નવરંગા માંડવામાં રાવળ દેવ નામી અનામી કલાકારો ડાક કમરૂની ભારે રમઝટ બોલાવી હતી અને મોટી સંખ્યામાં નવરંગો માંડવો જોવા માટે લોકો ઉમટી પડયા હતા તેમજ રાજકીય આગેવાનો તેમજ ભુવાજી તેમજ સાધુ સંતો સહિત ઉપસ્થિત રહ્યા હતા અને સાથે મહાપ્રસાદનું પણ આયોજન કર્યુ હતું અને મોટી સંખ્યામાં મહાપ્રસાદનો ભકતજનોએ લાભ લીધો હતો આ સમસ્ત આયોજન પીપળવા ગામ સમસ્ત કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલા ખાતે સાયબર ક્રાઈમ જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા.૯

કાણકિયા કોલેજ, સાવરકુંડલા અને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમરેલીના સંયુકત ઉપક્રમે કોલેજ ખાતે વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ અંગેની સંપૂર્ણ સમજણ આપતા એક વર્કશોપનું આયોજન થયુ હતું. કોલેજના આચાર્ય રવિયા સાહેબના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગના કોન્સ્ટેબલ નૈતિકભાઈ બાબરીયા તથા સમીરખાન પી.પી.ટી.ના માધ્યમથી સાયબર ક્રાઈમ વિશે સંપૂર્ણ માહિતગાર કર્યા. જેમાં સાયબર ક્રાઈમનો ભોગ બનેલા લોકો વિશેના સમાચારપત્રોના કટીંગ વગેરે જેવા ઉદાહરણ દર્શાવીને તમામ બાબતો આવરી લીધી હતી. અને આ અંગેની માહિતી ધરાવતા સાહિત્યનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત સાવરકુંડલા નગરપાલિકા દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ(ફિડબેક)નું સફળ બનાવવા એન.સી.સી. લેફટનન્ટ ડો. લલિતભાઈ ચૌહાણ તથા અર્જુનસિંહ પરમારનું ખાસ યોગદાન રહ્યું અને ડો. ભટ્ટ, ડો.પુષ્પાબેન, વાઈસ પ્રિન્સિપાલ રીન્કુબેન તથા અન્ય સ્ટાફ મિત્રોએ ખાસ જહેમત ઉઠાવી હતી.

### ટાવરચોકમાં વર્ષોથી બિરાજમાન હનુમાનદાદાનાં

# અમરેલીનાં સુપ્રસિધ્ધ બાલાજી હનુમાનજી મંદિરે શ્રી હનુમાનજી જન્મોત્સવની થશે ઉજવણી

### ગદાપુજા, મહાઆરતી દાદાનો થાળ અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાશે

અમરેલી, તા. ૯

અમરેલીનાં ટાવરચોકમાં બિરાજમાન શ્રી હનુમાનદાદાના બાલાજી મંદિરે આગામી શનિવારે ઉજવણી કરાશે.

સવારે ૯ કલાકે પુજા, ૯.૧૫ કલાકે ગદાપુજા, બપોરે ૧૨ કલાકે મહાઆરતી અને બાદમાં થાળ ધરાશે અને સાંજે ૭ કલાકે કપોળ મહાજનવાડી ખાતે મહાપ્રસાદ નો કાર્યક્રમ યોજાશે

આ ધાર્મિક કાર્યક્રમમાં હનુમાનજી મહારાજના ભકતોને જોડાવવામાટે શ્રી બાલાજી હનંમાન મંદિર ટ્રસ્ટ તથા બાલાજી ધુન મંડળના સદસ્યોએ અનુરોધ કરેલ છે.



### આગામી ૧૩ એપ્રિલનાં સવારે ૯ થી ૧ સુધી

# રાજકોટ ખાતે લાંબા સમયથી રોગોથી પિડાતાં દર્દીઓ માટે તિબેટીયન મેડિકલ કેમ્પ યોજાશે

### કિડની, ડાયાબીટીસ, મણકાની તકલીફ સહિતનાં રોગોની સારવાર કરાશે

અમરેલી, તા. ૯

ભારત તિબ્બત સંઘના તિબેટીયન નાડીવૈદ્યના કેમ્પ ડાયરેકટર રાજેશભાઈ જે. ભાતેલીયાની યાદી મુજબ અમદાવાદના તિબેટીયન નાડીવૈદ્યનો દસમો નિદાન કેમ્પ તા. ૧૩ એપ્રિલના રવિવારે સવારે ૯:૦૦ થી ૧:૦૦ અને બપોરના ૨:૦૦ થી ૫:૦૦ સુધી રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.કેમ્પમાં ડાયાબીટીસ, હદય, શ્વાસના રોગો, કિડની, કોરડરજજુ, મણકાની તકલીફ, ફેટીલીવર, પથરી, આર્થરાઈટીસ, માઈગ્રેન, સાયનસ, માસિક ધર્મ, નપુસંકતા, ન્યુરોલોજીકલ ડીસઓર્ડર, હોર્મોમલ ડીસઓર્ડર, સંતાન પ્રાપ્તિ સંબંધિત સમસ્યાઓ, માનસિક રોગ અને તમામ પ્રકારના કેન્સરથી પીડાતા દર્દીઓને કેમ્પનો લાભ લેવા રાજેશ જે. ભાતેલિયાએ વિનંતી કરી છે. મો.નં. ૯૪૨૯૫ ૧૦૮૧૪ ઉપર નોંધણી તા. ૧૧ અને તા. ૧૨ના સાંજે ૪ થી ૫ દરમ્યાન દર્દીઓ નામ નોંધાવી નંબર મેળવી અને આવવાનું રહેશે અને કેમ્પ સ્થળે તેમને આવવાનું રહેશે. જે લઈને ડોકટર પાસે જવાનું રહેશે. આ વ્યવસ્થા દર્દીઓના હિતમાં કરવામાં આવી છે.

લાંબા સમયથી ઉપરોકત રોગોથી પીડાતા દર્દીઓને જ ઉપસ્થિત રહેવા વિનંતી કરાય છે. સામાન્ય રોગોથી પીડાતા દર્દીઓને કેમ્પમાં નહી આવવા વિતંની કરવામાં આવી છે. એક જ ટોકન ઉપર એક જ દર્દીને તપાસવામાં આવશે. દર્દીઓને લાભ લેવા એડવોકેટ અમિત આર. ચૌહાણ, એડવોકેટ આઈ.ઓ.ખેબર, એડવોકેટ કેતન પી. દવે, એડવોકેટ જીતેન્દ્ર આર. ચૌહાણ, દર્શિત આર. ભાતેલીયા, ભુપેન્દ્રભાઈ મહેતા સરધારવાળાએ વિનંતી કરી છે.

રાજેશ ભાતેલીયાના માર્ગદર્શન અને જહેમતથી આયોજન કરવામાં આવેલ. નિદાન કેમ્પમાં નવા કેસનું શુલ્ક તિબેટીયન સંસ્થા દ્વારા રૂા. ૨૦૦/– અને જુના કેસનં શુલ્ક રૂા. ૧૫૦/– રાખેલ છે.

સૌરાષ્ટ્રના દર્દીઓને અમદાવાદ બતાવવા જવું ન પડે તે માટે રાજેશ જે. ભાતેલીયાએ ૧૧૩ મારૂતિનંદન કોમ્પ્લેક્ષ, ગેલેકસી હોટલ સામે, જવાહર રોડ, રાજકોટ ખાતે નિઃસ્વાર્થ ભાવે કેમ્પનું આયોજન કરેલ હોવાનું, માત્ર તપાસણી ફી, તિબેટીયન સંસ્થા દ્વારા લેવામાં આવતી હોય છે.

અમદાવાદ ખાતે બતાવવા જવું હોય તો તિબેટીયન મેડીકલ સંસ્થાન, ૨૩ બીજો માળ, આદર્શ કોમ્પલેશ, એશીયા હાઉસની પાછળ, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ–૯ ખાતે મંગળવારથી રવિવાર સવારે ૯:૦૦ થી ૧૨:૩૦ અને બપોરે ૨:૦૦ થી ૪:૩૦ કાર્યરત રહે છે. સોમવારના રોજ અમદાવાદ ખાતે તિબેટીયન મેડીકલ સંસ્થાન બંધ રહે છે. વધુ વિગત માટે મો.નં. ૮૨૦૦૭૫૯૫૩૫ ઉપર સંપર્ક કરવો.

આયુર્વેદિક દવા લેવા ઈચ્છે છે અને સીનીયર નાડીવૈદ્યને બતાવવા ઈચ્છે છે તેઓએ ડો.એલ.બી. રાવલ, ૧૧૩ મારૂતિ નંદન કોમ્પ્લેક્ષ, ગેલેકસી હોટલ સામે, જવાહર રોડ, રાજકોટ ખાતે સાંજે ૫:૩૦ થી ૭:૩૦ દરમ્યાન સંપર્ક કરવો તેમ રાજેશ જે. ભાતેલીયા તથા અકબરભાઈ પટેલની યાદીમાં જણાવાયું છે. આ કેમ્પ માટે નારાયણી ફાર્મસી તથા નારાયણી ચિકિત્સાલય તથા વહિદ મારફાણીનો સહયોગ મળેલ છે.

### વિશ્વ હોમિયોપેથી દિવસ–૧૦ એપ્રિલ

# હોલિસ્ટિક હીલિંગ તરફ એક નવી દિશા



અમરેલી, તા.૯

દર વર્ષે ૧૦ એપ્રિલના દિવસે વિભર હોમિયોપેથી ચિકિત્સા પદ્ધતિના પિતા માનવામાં આવતા ડો. સેમ્યુઅલ હાનેમાનની જન્મજયંતિ નિમિત્તે વિ હોમિયોપેથી દિવસ ઉજવવામાં આવે છે.

આ અવસરે, ડો. ભટ્ટ એડવાન્સ હોમિયોપેથી સ્કિન એન્ડ હેર કિલનિક, અમરેલી તરફથી સમગ્ર શહેર અને જિલ્લાના નાગરિકોને શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

હોમિયોપેથી – એક વિજ્ઞાન, એક કલાને આધારે ચાલતી ચિકિત્સા પદ્ધતિ છે. માનવશરીરને માત્ર લક્ષણો મુજબ નહીં, પણ આંતરિક તંત્રના તૂટેલા સંતુલનને સુધારવા માટે કાર્ય કરે છે. પાચનતંત્રના રોગો, માનસિક રોગો, સ્ત્રીના રોગો, સંધિવા માઈગ્રેન, જાતીયરોગો જેવા તમામ પ્રકારના અસાધ્ય રોગો સ્કિનના ક્રોનિક રોગો (જેમ કે સોરીઆસિસ, એકિઝમા, એલર્જી), હેર લોસ, ડેન્ડ્રફ તેમજ હોર્મોનલ ઈમ્બેલન્સ, પીસીઓડી અને દાગ–ધબ્બાઓ જેવી ત્વચાની સમસ્યાઓમાં હોમિયોપેથીનો વિશેષ લાભ થાય છે.

ડો. ભવનેશ ભટ્ટ છેલ્લા બે વર્ષથી અમરેલીમાં હોમિયોપેથી દ્વારા અનેક દર્દીઓને સલામત એ દીર્ઘકાળીન રાહત આપી રહ્યા છે. ક્લિનિકમાં સત્તાધારી સુવિધાઓ, તજજ્ઞ નિદાન અને પર્સનલાઈઝ્ડ ટ્રીટમેન્ટ આપવામાં આવે છે.આ વિશ્વ હોમિયોપેથી દિવસે આપણું સંકલ્પ છે – ‘‘દર ઘરમાં હોમિયોપેથી.’’

આપ પણ તમારા જીવનમાં કુદરતી, બિનજહેરીલ અને પેઈનલેસ ઉપચાર પદ્ધતિને સ્વીકારી શકો છો.

અમારો સંપર્ક કરો અને હોમિયોપેથી સાથે નવી તંદુરસ્તી તરફ એક પગલું ભરો!

**ડો. ભટ્ટ**
એડવાન્સ હોમિયોપેથી સ્કિન એન્ડ હેર કિલનિક, અમરેલી

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં રામનવમીની ઉજવણી કરાઈ



અમરેલી, તા. ૯

અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ધો :– ૫ થી ૧૧ના વિદ્યાર્થીઓ દ્વારા રામનવમીણા મંગલપ્રસંગની ખૂબ જ ઉમંગ – ઉત્સાહ અને શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. રામસ્તુતિ તથા રામના ભજનો ગાઈને વિદ્યાર્થીઓએ ભકિતમય વાતાવરણ કર્યું હતું. વિદ્યાર્થીઓ તથા સ્ટાફગણ દ્વારા રામલલ્લાની આરતી કરવામાં આવી હતી.

સમગ્ર દેશમાં રામનો જન્મદિવસ ખૂબ જ ભાવ ભકિથી ઉજવાઈ છે. ઠેર – ઠેર શોભાયાત્રા નીકળે છે. દેશભરમાં રામમય વાતાવરણ સર્જાય છે. મર્યાદા પુરૂષોતમ રામનું જીવન ભારતમાં પ્રત્યેક લોકો માટે આદર્શ છે. રામની પરિવાર ભાવના વચન પાલન, મિત્ર પ્રેમમાં અને પ્રજા કલ્યાણ માટે રામજીનું સમર્પણ આજે પણ રામરાજય તરીકે પ્રસિદ્ધ છે.

શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં શિક્ષણ અને સંરક્ષણ માટે હંમેશા પ્રયત્નશીલ છે. ભારતીય મહાન વિભૂતિઓના જન્મદિનની ઉજવણી કરી તેમણે જીવનના પ્રેરક પ્રસંગોથી બાળકોને માહિતી આપવામાં આવે છે. સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા તથા વિલાસબેન વઘાસીયાએ સુંદર, ભાવભકિતથી ભરપૂર કાર્યકામ યોજના બદલ તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણને આપ્યા હતા. રામના ગુણો જીવનમાં ઉતારવા અનુરોધ કર્યો હતો. ભારતમાં ફરીથી રામરાજય સ્થાપિત થાય તે માટે તમામ નાગરિકોએ રાષ્ટ્રપ્રેમથી કામે જયાં અનુરોધ કર્યો હતો.

### મંડળીનાં ચેરમેન હિતેશ કારીયાનાં માર્ગદર્શનતળે

# લીલીયા મોટા : શ્રી ગ્રામ્યલક્ષ્મી બચત અને ધિરાણ મંડળીનો વર્ષ ૨૦૨૪–૨૫માં ૮૯.૫૫ લાખનો નફો

### વર્ષાન્તે મંડળીનું ગ્રોસ એનપીએ શુન્ય ટકા રહયુ

લીલીયા, તા.૯

લીલીયામોટા શ્રી ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ સહકારી મંડળી લી.ના એમ.ડી. દીનેશભાઈ એચ. ભટ્ટએ આપેલ માહિતી મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૪/૨૦૨૫ વર્ષ અંતે મંડળીની સભાસદ સંખ્યા–૨૫૯૨ સભાસદ શેરભંડોળ રૂા. ૧,૫૮,૬૭,૫૮૦/– સભાસદ થાપણ રૂા. ૧૧,૧૭,૮૧૮૩૪/–સભાસદ ધીરાણ રૂા. ૧૩,૯૮,૬૫૮૩૯/– સાથે નાણાકીયવર્ષઁ અંતે મંડળીનુ ગ્રોસ–એન.પી.એ.૦ ટકા સાથે વર્ષ ૨૦૨૪/૨૦૨૫નો રૂા. ૮૯,૬૫,૪૩૨નો નફો હાસીલ કરેલ છે લીલીયા તાલુકામાં છેલ્લા–૩૦ વર્ષથી કાર્યરત મંડળીએ નાણાકીય વર્ષ અંતે રૂા. ૮૯.૬૫ લાખનો નફો હાસીલ કરેલ આ તકે મંડળીના ચેરમેન હીતેષભાઈ જે. કારીયા, વાઈસ ચેરમેન હરેશભાઈ એન સેજપાલ બોર્ડઓફ ડીરેકટર ભરતભાઈ ડી. જોષી, વાલજીભાઈ જી. માંડણકા, જયેશભાઈ એમ. મહેતા, રસીકભાઈ જે વંડ્રા, હીમતભાઈ એચ. શીંગાળા, જયેશભાઈ એલ. જોબનપુત્રા, હંસાબેન એલ. જોબનપુત્રા, અલ્પાબેન એમ. લાલાણી, અમરેલી શાખા એડ. બોર્ડ મેમ્બર હીરેનભાઈ બી. સોજીત્રા, ઉપેન્દ્રભાઈ એમ. નાગ્રેચા, સંજયભાઈ એમ. મહેતા, દલસુખભાઈ જે. સાવલીયા, પંકજભધાઈ રોકડ, દેવેન્દ્રભાઈ જુઠાણી–દામનગર તમામ બોર્ડ ઓફ ડીરેકટની મળેલ વર્ષ અંતે મીટીગમાં મંડળીના ચેરમેન એચ. જે. કારીયાએ તમામ બોર્ડ ઓફ ડીરેકટને નાણાકીય વર્ષને અંતે મંડળીનો નફો રૂા. ૮૯.૯૫ લાખનો સારો એવો નફો હાસીલ કરી મંડળીએ સહકાર ક્ષેત્રે સારી એવી સીધ્ધી હાસીલ કરેલ મંડળીની કારોબારીની મળેલ મીટીંગમાં મંડળીના સભાસદો ૧૦ ટકા ડીવીડન્ડ તેમજ સભાસદો ભેટની જાહેરાત કરેલ છે વધુમાં મંડળીના ચેરમેનએ મંડળીની લીલીયા મોટા તેમજ અમરેલી, દામનગર શાખામાં સભાસદ થાપણદારો બચત ખાતેદારોએ સંસ્થા પર મુકલ વીશ્વાસ થકી આજે આ સંસ્થાએ અનેરી સીધ્ધી હાસીલ કરેલ છે સભાસદોનો સોસાયટી પ્રત્યે શુભ નીષ્ઠા થકી આજે આ સંસ્થા વધુસારી સેવાઓ સભાસદોને પ્રદાન કરવા ના હેતુ તેમજ સંસ્થાના વીકાસ માટે તત્પર રહેશે આવનાર સમયમાં કાર્યઁક્ષમ અને સભાસદોને વધુ સારી એવી સેવાઓ પુરી પાડે સભાસદોનો વીશ્વાસ સતત જળવાઈ રહે આવનાર સમયમાં વધુમાં વધુ સભાસદોને બચત ખાતેદારો થાપણદારો તેમની મુડીનુ ઉચુ વળતર મળે બચત પર આકર્ષક વ્યાજદર, વેલ્ફેર ફંડ(મૃત્યુ સહાય), આકસ્મીક વિમા, કવચ સભાસદ વ્યાજ રીબેટ વીગેરે અવનવી યોજના થકી મંડળીના સભાસદોને સમયે સમય સભાસદ હીત ધ્યાને લઈ સેવા પુરી પાડી રહેલ છે અંતમાં સંસ્થાના નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૦૨૫ વર્ષને અંતે મંડળીના રીકવરી ઓફીસર અમીતભાઈ વી. જોષી અમરેલી શાખા બ્રાન્ચ મેનેજર દીપકભાઈ બી. દવે, નીકુંજભાઈ કારીયા દામનગર શાખા તેમજ સમગ્ર સ્ટાફ લીગલ એડ. કિશોરભાઈ એમ. પાઠક, એ.સી. વરીયા વગેરેની તમામ સાથી મીત્રો સ્ટાફ સતત પ્રયત્નશીલ આપણી સોસાયટીનું સંચાલન હજુ વધુ અસરકારક અને કાર્યશીલ અને સપુર્ણ પારદર્શક વહીવટ થકી આજે આપણી આ મંડળીએ સ્થીરતા સલામતી અને અવીરત પ્રગતી ગૌરવંતી પરીણામ જાળવી ઉતરોતર સફળતાના સોપાન સર કરી રહી છે.

### આગામી ૧૯ એપ્રિલને શનિવારથી

# અમરેલી ખાતે શ્રી નાગદેવતા મંદિરનાં સાંનિધ્યમાં ‘શિવપુરાણ’નું આયોજન

### શ્રી જનકગીરીબાપુ (ખારી) કથાનું રસપાન કરાવશે

અમરેલી, તા.૯

અમરેલીમાં સ્વયંભુ શ્રી નાગદેવતા મંદિરે સર્વે પિતૃ મોક્ષાર્થે આગામી ૧૯ એપ્રિલથી ૨૭ એપ્રિલ સુધી શ્રીજનકગીરીબાપુ (ખારી)નાં વ્યાસાસાને શિવપુરાણ કથાનું આયોજન કરવામાં આવેલ છે. આ ધાર્મિક કાર્યક્રમમાં શિવભકતોને ઉપસ્થિત રહેવા મહંત હાર્દિકગીરી બાપુએ અનુરોધ કરેલ છે.

